

રાજકોટ મિરર



DAILY MORNING NEWS PAPER

Year : 16 | Issue : 249 | Dt. 20-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ઈટાલીમાં હિંસા ભડકતા ભારતીયો માટે એડવાઈઝરી

પ્રેસીડેન્ટ મેલોની એક્શનમાં : ઈટાલીમાં પણ વધતી જતી મોંઘવારી : હાઈ-લેવલ બેઠક બોલાવી

નવી દિલ્હી, તા.૧૯

ફ્રાન્સ બાદ હવે ઈટાલીમાં પણ વધતી જતી મોંઘવારી, જીવનજરૂરી ચીજવસ્તુઓના આસમાને પહોંચેલા ભાવ અને કથળતી જાહેર સેવાઓ સામે લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. મિલાન સહિત દેશના અનેક મોટા શહેરોમાં દેખાવકારો અને પોલીસ વચ્ચે થયેલી હિંસક અથડામણો, દુકાનોમાં તોડફોડ અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ બાદ વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની તાત્કાલિક એક્શનમાં આવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વડાપ્રધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે સોમવારે એક હાઈ-લેવલ બેઠક બોલાવી હતી.

મિલાન શહેરમાં રવિવારે ફાટી નીકળેલા તોફાનો દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરીને ૨૭૧ યુવાનોને કસ્ટડીમાં લીધા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ અટકાયતમાં લેવાયેલા લોકોમાંથી ૩૨ લોકોની સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં ૨૩ સગીરો અને ૧૩ વિદેશી નાગરિકો સામેલ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત અન્ય ૨૮ લોકો સામે કાયદેસરની તપાસ ચલાવવા ન્યાયિક સત્તાવાળાઓને રિપોર્ટ મોકલવામાં આવ્યો છે.



શહેરમાં આગચંપી અને લૂંટફાટ: પોલીસે ટીયર ગેસ અને વોટર કેનન છોડ્યા

ટેલિવિઝન અને સોશિયલ મીડિયા ફૂટેજ મુજબ મિલાન શહેરના કેન્દ્રમાં સેંકડો નકાબપોશ દેખાવકારોએ રસ્તા પર ઉતરીને ભારે ઉત્પાત મચાવ્યો હતો. તોફાની તત્વોએ ડસ્ટબિનોમાં આગ લગાવી દીધી હતી અને આસપાસની દુકાનોમાં તોડફોડ કરી લૂંટ ચલાવી હતી. અનિયંત્રિત બનેલી પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે દંગા-વિરોધી સાધનોથી સજ્જ સુરક્ષા દળોએ દેખાવકારો પર ટીયર ગેસના સેલ છોડ્યા હતા અને વોટર કેનન (પાણીના ફુવારા)નો ઉપયોગ કરીને ભીડને વિખેરી હતી.

ઈટાલીમાં વણસતી જતી પરિસ્થિતિ વચ્ચે ત્યાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ભારતીય મિશન દ્વારા તાત્કાલિક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. એડવાઈઝરીમાં ભારતીય નાગરિકોને સતર્ક રહેવા, ભીડભાડવાળા વિસ્તારો અને વિરોધ પ્રદર્શનના સ્થળોથી દૂર રહેવા તેમજ સ્થાનિક સમાચારો પર સતત નજર રાખવાની કડક સલાહ આપવામાં આવી છે. કટોકટીના સંજોગોમાં ભારતીયો નીચે આપેલા ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરી શકે છે. રોમ સ્થિત ભારતીય દૂતાવાસે +૩૯ ૩૩૧ ૬૧૪ ૨૦૮૫ અને મિલાન સ્થિત ભારતનું કોન્સ્યુલેટ જનરલે +૩૯ ૩૮૮ ૧૬૪ ૭૫૨૭ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. દૂતાવાસે ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈપણ મુશ્કેલીના સમયે ભારતીય નાગરિકોએ સ્થાનિક પ્રશાસનના નિયમોનું પાલન કરવું અને સીધો સંપર્ક સાધવો.

ઈટાલીમાં સતત બીજા દિવસે પણ હિંસક વિરોધ જોવા મળ્યો હતો. અગાઉ શનિવારે ૧૭ ઓક્ટોબરે ઉત્તરી ઈટાલીના મિલાન, બોલોન્યા, બ્રેસિયા, બર્ગામો અને ટ્યુરિન સહિતના શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રવિવારે જારી કરાયેલા પોલીસ રિપોર્ટ અનુસાર શનિવારની હિંસાના સંદર્ભમાં ૨૮ દેખાવકારોની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. પ્રદર્શનકારીઓમાં વધતી મોંઘવારી, રહેઠાણ અને દૈનિક જીવનનિર્વાહના ઊંચા ખર્ચ તેમજ નબળી સાર્વજનિક સુવિધાઓ સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

માત્ર ઈટાલી જ નહીં પરંતુ પાડોશી દેશ ફ્રાન્સમાં પણ મોંઘવારી અને જાહેર સેવાઓના કથળતા સ્તર સામે મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. શનિવારે ફ્રાન્સના અનેક શહેરોમાં પણ મોટી સંખ્યામાં નાગરિકોએ રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો, જ્યાં પોલીસ સાથે હિંસક અથડામણો થઈ હતી. સમગ્ર યુરોપના દેશોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવો અને સામાન્ય જનતા પર વધી રહેલા આર્થિક બોજને પગલે સરકારો સામે મોટો જનાક્રોશ જોવા મળી રહ્યો છે.

મસ્કની મોટી જાહેરાતઃ ૩૮ દેશોની GDP કરતાં પણ મોટી રકમ!

USના દરેક બાળકને આપશે SpaceXનો શેર

નવી દિલ્હી, તા.૧૯

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી છે. તેઓ પોતાની અગ્રણી રોકેટ નિર્માતા કંપની જાફભયઝનો એક-એક શેર અમેરિકાના દરેક બાળકને ભેટ તરીકે આપવા જઈ રહ્યા છે. મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને પુષ્ટિ કરી છે કે તેઓ આવતા વર્ષથી આ પહેલ શરૂ કરશે અને આ તો માત્ર શરૂઆત છે, ભવિષ્યમાં આવા બીજા ઘણા પગલાં પણ લેવામાં આવશે.



સંયુક્ત રાષ્ટ્ર (ઝગ) ના ડેટા પ્રમાણે હાલ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંખ્યા આશરે ૭.૪ કરોડ જેટલી છે. વર્તમાન સમયમાં જાફભયઝ ના એક શેરની કિંમત લગભગ ૧૪૬ ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે ૧૩,૮૬૧ રૂપિયા છે. આ ગણતરી મુજબ એલોન મસ્ક પોતાના હિસ્સામાંથી કુલ મળીને ૧૦.૮ અબજ ડોલર એટલે કે અંદાજે ૧.૦૨ લાખ કરોડ રૂપિયાના શેર બાળકોને ભેટ આપશે. આ રકમ વિશ્વના આશરે ૩૮ દેશોના કુલ વાર્ષિક ઋઉઉ કરતાં પણ વધારે છે.

એલોન મસ્ક આ ખાનગી એરોસ્પેસ અને સેટેલાઇટ કંપનીના સૌથી મોટા શેરહોલ્ડર છે. તાજેતરની રેગ્યુલેટરી ફાઇલિંગ મુજબ, ૩૦ જૂન સુધીમાં કંપનીમાં તેમનો હિસ્સો ૪૮.૪ ટકા હતો. તેમની પાસે જાફભયઝના કુલ આશરે ૬.૪૨ અબજ શેર છે. આમાં તેમના ટ્રસ્ટ હેઠળ રાખવામાં આવેલા ૮૪૯.૫ મિલિયન 'ક્લાસ અ' શેર અને ૩.૯૨ અબજ 'ક્લાસ ઈ' શેર સામેલ છે. આ સિવાય મસ્ક વ્યક્તિગત રીતે સીધા ૧.૩૦ અબજ 'ક્લાસ ઈ' રિસ્ટ્રિક્ટેડ શેર ધરાવે છે, તેમજ સ્ટોક ઓપ્શન અંતર્ગત વધારાના ૩૫૦ મિલિયન 'ક્લાસ ઈ' શેર પર પણ તેમનો અધિકાર છે.

મસ્કે હાલ આ શેર કઈ પ્રક્રિયા હેઠળ વહેંચવામાં આવશે તેની સંપૂર્ણ રૂપરેખા સ્પષ્ટ કરી નથી. આ માટે કયા બાળકો પાત્ર બનશે, શેર કઈ તારીખે ખાતામાં જમા થશે, સરકાર તરફથી કઈ મંજૂરીઓની જરૂર પડશે અને શેર સીધા બાળકોના નામે થશે કે કોઈ વિશેષ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરાશે તેની વિગતો આવનારા દિવસોમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે જાફભયઝ વિશ્વની સૌથી મૂલ્યવાન ખાનગી કંપનીઓમાં સામેલ છે, જે અંતરિક્ષ રોકેટ લોન્ચિંગ, સ્ટારલિંક સેટેલાઇટ ઇન્ટરનેટ અને માનવ અંતરિક્ષ મિશન ક્ષેત્રે અગ્રણી કામગીરી કરી રહી છે.

ફ્રાન્સમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

મોંઘવારીથી કંટાળેલા લોકોએ ઐતિહાસિક લિમોગેસ ટાઉન હોલને સળગાવી દીધું

નવી દિલ્હી, તા.૧૯

ફ્રાન્સ આ સમયે જીવન નિર્વાહના ખર્ચ સામે રસ્તા પર ઉતરી આવ્યું છે. અહીં પેરિસ સહિત અન્ય જગ્યાઓ પર મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. આ વચ્ચે લિમોગેસનું ઐતિહાસિક ટાઉન હોલ ભીષણ આગની લપેટમાં આવીને ધરાશાયી થઈ ગયું છે. આ ૧૪૩ વર્ષ જૂનું છે. તેને વર્ષ ૧૮૭૩માં બનાવવામાં આવ્યું હતું. વિશ્વયુદ્ધ ઝીલનારી આ ઇમારતનું ઉદ્ઘાટન વર્ષ ૧૮૮૩માં થયું હતું, પરંતુ હવે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં તેને આગચાંપી દેવામાં આવી છે. લોકો વધતી મોંઘવારી અને ઈંધણના ભાવોને લઈને રોષે ભરાતા ઉગ્ર વિરોધ કરી રહ્યા છે.

અગ્રણના ન્યૂઝ રિપોર્ટ મુજબ, લિમોગેસમાં સ્થિત ટાઉન હોલની ઇમારત ખૂબ જ નષ્ટ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક ઇમારતના નુકસાનને વારસા માટેની સૌથી મોટી



આપત્તિ કરાર આપવામાં આવી છે. પ્રદર્શનકારીઓ તરફથી ઇમારતને નિશાન બનાવવા પર સખત નિંદા થઈ રહી છે. પ્રદર્શનકારીઓએ પહેલાં ટાઉન હોલની બહાર પોલીસની ગાડીને નિશાન બનાવી. તેમાં આગ લગાવી, બારીઓ તોડી અને ઇમારતમાં ઘૂસીને તેને આગના હવાલે કરી દીધી. હવે વિસ્તારમાં ફાયર બ્રિગેડની ટીમ તૈનાત કરવામાં આવી છે.ફ્રાન્સના ગૃહ મંત્રાલયે જણાવ્યું કે શનિવારે થયેલા વિરોધ પ્રદર્શનોમાં આશરે ૫.૫ લાખ લોકો સામેલ થયા. જ્યારે સીજીટી યુનિયનનું કહેવું છે કે તેમાં ૮ લાખ પ્રદર્શનકારીઓએ ભાગીદારી કરી. બીબીસીના રિપોર્ટ મુજબ, આશરે ૧૨૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. ફ્રાન્સના શહેરોમાં આગચંપી, લૂંટફાટ અને તોડફોડ થઈ છે.

પોલીસે પણ સાવચેતી રૂપે બુકાનીધારી પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના ગોળા છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો છે. પ્રદર્શનકારીઓએ રાજધાનીમાં રાખેલી ગાડીઓને સળગાવી દીધી. લ્યોન શહેરમાં પ્રદર્શનકારીઓએ એક ટૂરિસ્ટ ઓફિસને આગ લગાડી દીધી. તેમણે માર્સેઈલ, લિલેમાં ટાઉન હોલ અને બોર્ડોક્સમાં એક પોલીસ પરિસરની ઇમારતમાં ઘૂસીને નુકસાન પહોંચાડ્યું. પેરિસના મેયર ઇમેન્યુઅલ ગ્રેગોઇરે કહ્યું છે કે રાજધાનીમાં આખો રસ્તો બરબાદ થઈ ચૂક્યો છે. રાષ્ટ્ર પ્રમુખે ચીમકી ઉચ્ચાર છે કે જે લોકોએ પણ આ પ્રકારનો ઉપદ્રવ કર્યો છે, તેમની સામે કેસ ચલાવવામાં આવશે. તેમને સજા આપવામાં આવશે.

બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ, ગૃહ મંત્રાલયે કહ્યું છે કે પેરિસ અને રેનેસ, ટૂલૂઝ અને એંગર્સ જેવા શહેરોમાં બુકાનીધારી અલ્ટ્રા-લેફ્ટ પ્રદર્શનકારીઓ એકઠા થયા. આ જૂથોએ લ્યોન, મોન્ટપેલિયર અને વેલેન્સ જેવી જગ્યાઓ પર રસ્તાની બાજુમાં રાખેલા સામાનમાં આગ લગાવી. સાર્વજનિક ઇમારતોને નુકસાન પહોંચાડ્યું. દુકાનોમાં લૂંટફાટ કરી.

મંત્રી કિરેન રિજિજૂએ ખડગેને લખ્યો પત્ર : કોંગ્રેસ રચનાત્મક સહયોગ આપે

મહિલા આરક્ષણ પર ચર્ચાની માંગ

નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખ્યો છે. તેમાં મહિલા આરક્ષણ અને પરિસીમન બિલ પર સંસદમાં ચર્ચા કરવા તેમજ સમર્થન આપવાની અપીલ કરાઈ છે. ખડગેએ ડખ મોદીને સર્વપક્ષીય બેઠકની માંગણી કરતો પત્ર લખ્યો હતો, જેના જવાબમાં રિજિજૂએ આ પત્ર મોકલ્યો છે. રિજિજૂએ જણાવ્યું કે સરકારે હંમેશાં સાર્થક ચર્ચાને પ્રાધાન્ય આપ્યું છે અને ભવિષ્યમાં પણ કોંગ્રેસ રચનાત્મક સહયોગ આપે.

મહિલા આરક્ષણ-પરિસીમન પર ચર્ચા અને સમર્થનની વિપક્ષ પાસે માંગ, મંત્રી કિરેન રિજિજૂએ ખડગેને લખ્યો પત્ર કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખ્યો છે. આ પત્રમાં મહિલા આરક્ષણ તેમજ પરિસીમન બિલ પર સંસદમાં ચર્ચા કરવા અને સમર્થન આપવાની અપીલ કરવામાં આવી છે. આ પત્ર



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અગાઉ લખવામાં આવેલા ખડગેના પત્રના જવાબરૂપે મોકલવામાં આવ્યો છે.

અગાઉ ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને પત્ર લખીને પરિસીમન સંશોધન બિલ સંસદમાં રજૂ કરતા પહેલા સર્વદળીય બેઠક બોલાવવાની માંગ કરી હતી. તેના જવાબમાં કિરેન રિજિજૂએ જણાવ્યું છે કે, સરકાર દ્વારા વિપક્ષ સાથે અગાઉ પણ ચર્ચા અને પત્રવ્યવહાર કરવામાં આવ્યો છે. રિજિજૂએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે સરકારે હંમેશાં સાર્થક ચર્ચા અને તમામ રાજકીય પક્ષોની ભાગીદારીને પ્રાથમિકતા આપી છે. તેમણે કોંગ્રેસ પક્ષને અપીલ કરી છે કે, ભવિષ્યમાં જ્યારે પણ મહત્વપૂર્ણ બિલ લાવવામાં આવે, ત્યારે તેઓ રચનાત્મક સહયોગ આપે અને પ્રક્રિયામાં અવરોધ ન ઊભો કરે.

પત્રમાં કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલા તે સવાલનો પણ જવાબ આપવામાં આવ્યો છે, જેમાં ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે સ્થગિત થયાના ૬૪ દિવસ પછી પણ સત્રાવસાન ન કરવા અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. રિજિજૂએ સ્પષ્ટ કર્યું કે, ભારતીય બંધારણમાં એવી કોઈ નિશ્ચિત સમયસીમા નથી કે જેના હેઠળ સત્રાવસાન કરવું અનિવાર્ય હોય. તેમણે ભૂતકાળના ઉદાહરણો આપતા જણાવ્યું કે, અગાઉ વર્ષ ૨૦૦૯, ૧૯૮૭, ૧૯૮૯ અને ૨૦૧૩ માં પણ સંસદમાં લાંબા અંતરાલો રહ્યા છે, જેને કોઈ બંધારણીય અનિયમિતતા કહી શકાય નહીં.

હૂથીઓનો ભીષણ પ્રહાર

યમનમાં મિલિટરી કેમ્પ પર મિસાઈલ હુમલો : ૫૩ સૈનિકના મોત

રિયાધમાં પણ હુમલા : અરેબિયન પેનિનસુલામાં યુદ્ધના ભણકારા: હૂથી વિદ્રોહીઓએ ત્રણ બેલિસ્ટિક મિસાઈલોથી તાલીમ લઈ રહેલા સૈનિકોને નિશાન બનાવ્યા

નવી દિલ્હી, તા.૧૯

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે યમનમાં હૂથી વિદ્રોહીઓએ થોડા સમયના વિરામ બાદ ફરી એકવાર અત્યંત ભીષણ અને રક્તરંજિત હુમલો કરી દીધો છે. યમનની સરકારી સેનાને નિશાન બનાવીને કરવામાં આવેલા આ અત્યંત ઘાતક મિસાઈલ હુમલામાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે અને અત્યાર સુધીમાં ૫૩ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી અને યુદ્ધ જેવો માહોલ સર્જાઈ ગયો છે. હૂથી વિદ્રોહીઓના આ આક્રમક વલણને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

યમનના શબવા પ્રાંતમાં આવેલા સરકારી સેનાના એક મિલિટરી ટ્રેનિંગ કેમ્પને હૂથીઓએ પોતાનું મુખ્ય નિશાન બનાવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, હૂથી વિદ્રોહીઓએ આ સૈન્ય છાવણી પર એકસાથે ત્રણ વિનાશક બેલિસ્ટિક મિસાઈલો ઝીંકી હતી. જે સમયે આ મિસાઈલો કેમ્પ પર ખાબકી ત્યારે ત્યાં મોટી સંખ્યામાં સૈનિકો લશ્કરી તાલીમ લઈ રહ્યા હતા. અચાનક થયેલા આ ભીષણ આક્રમણને કારણે સૈનિકોને બચવાની કોઈ જ તક મળી ન હતી, જેના પરિણામે તાલીમ લઈ રહેલા ૫૩ જેટલા જવાનોએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા છે. આ સાથે જ અનેક લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે, જેથી મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

હૂથીઓનો આ આતંક માત્ર યમન પૂરતો જ સીમિત રહ્યો નથી, પરંતુ તેમણે



પડોશી દેશ સાઉદી અરેબિયાને પણ નિશાન બનાવીને ત્યાં પણ ભારે તારાજી સર્જી છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ અને અન્ય મહત્વના વિસ્તારો પર પણ મિસાઈલો અને ડ્રોન મારફતે હુમલા કરવામાં આવ્યા છે. રવિવારે સાઉદી અરેબિયાના નજરાન પ્રાંતમાં આવેલા એક સામાન્ય રહેણાંક વિસ્તારમાં હૂથી જૂથ દ્વારા છોડવામાં આવેલું એક અત્યંત ખતરનાક પ્રોજેક્ટાઇલ આવીને પડ્યું હતું. આ હુમલામાં છ જેટલા નિર્દોષ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઉપરાંત, સ્થાનિક નાગરિકોના ત્રણ મકાનો અને ત્રણ વાહનોને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જેના કારણે લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હૂથી વિદ્રોહીઓ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી સતત મોટા હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આ અગાઉ હજુ ગત ૧૫ થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પણ તેઓએ યમનના અદન શહેરમાં આવેલા રાષ્ટ્રપતિ મહેલ એટલે કે અલ-માશિક પેલેસ પર સીધો હુમલો કર્યો હતો. રાષ્ટ્રપતિ મહેલને ઉડાવી દેવાના ઇરાદાથી હૂથીઓએ એકસાથે પાંચ બેલિસ્ટિક મિસાઈલો દાગી હતી. આ ભયાનક હુમલામાં પણ પાંચ લોકોનાં કરુણ મોત નીપજ્યા હતા અને ૧૬ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

યમન અને સાઉદી અરેબિયામાં હૂથીઓના આ વધતા જતા હુમલાઓનો સામનો કરવા માટે સાઉદી અરેબિયાના નેતૃત્વવાળા ગઠબંધન દળો દ્વારા પણ જડબાતોડ જવાબી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ગઠબંધન દળો હૂથીઓ દ્વારા છોડવામાં આવતી બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનને હવામાં જ તોડી પાડવા અને અટકાવવા માટે સતત સક્રિય છે. નોંધનીય છે કે, ફેબ્રુઆરીના અંતથી મધ્ય પૂર્વમાં શરૂ થયેલા વ્યાપક ક્ષેત્રીય સંઘર્ષ બાદ હવે યમન અને સાઉદી અરેબિયાના વિસ્તારોમાં હૂથી હુમલાઓ વધુ ઘાતક અને તીવ્ર બની ગયા છે, જે આવનારા સમયમાં વધુ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.

અધર્મ સામે ધર્મના વિજયનું પર્વ 'દશેરા'ની ઉજવણીનો લોકોમાં અનેરો ઉત્સાહ

આજે વિજયાદશમી : રેસકોર્સમાં રાવણ દહન

શસ્ત્રપૂજા,આતશબાજીનો નઝારો : વિજયાદશમીની ઉજવણી સાથે માઁ આદ્યશક્તિની આરાધનાનું મહાપર્વ નવરાત્રીનું સમાપન

રાજકોટ, તા.૧૯

આજે વિજયાદશમી પર્વની ઉજવણી રાજકોટમાં અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે થશે. તહેવાર અસત્ય પર સત્યતા અને અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતિક મનાય છે.

રાજકોટમાં રાવણદહન, શસ્ત્રપૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. વિહિપ-બજરંગદળ દ્વારા રાવણદહન-શસ્ત્રપૂજન, ત્રિશુલ દિક્ષાના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સમગ્ર ક્ષત્રિય સમાજ અને પોલીસ તંત્રમાં શસ્ત્ર પૂજનના કાર્યક્રમો યોજાશે. રેસકોર્સ મેદાનમાં વિહિપ દ્વારા શસ્ત્રપૂજન, રાવણદહન અને આતશબાજીના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આગામી ૨૦ ઓક્ટોબરના રોજ વિજયાદશમીના પાવન અવસરે સૌરાષ્ટ્રના સૌથી મોટા ૬૦ ફૂટ ઊંચા રાવણનું ભવ્ય દહન કરવામાં આવશે. આ સાથે જ ૫૦-૫૦ ફૂટના કુંભકર્ણ અને ઈન્દ્રજીતના પૂતળાઓનું પણ દહન યોજાશે. આ વર્ષના રાવણ દહનની વિશેષતા એ રહેશે કે રાવણ, કુંભકર્ણ અને ઈન્દ્રજીતની સાથે-સાથે વર્તમાન સમયની સામાજિક કુરિતીઓને અને સમાજને દૂષિત કરતી બાબતોને દર્શાવતા ધર્માંતરણ, લવ જેહાદ અને કુસંસ્કારોના પૂતળાઓનું પણ દહન કરવાનો વિશેષ નિર્ણય લેવામાં આવ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી પરેશ રૂપારેલિયાએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, પરિષદ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી રેસકોર્સ મેદાનમાં રાવણ દહનનો આ વિશાળ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અશોકજી સિંઘલની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. અશોકજીએ ધર્માંતરણની વિરુદ્ધમાં ખૂબ જ મોટું અને મહત્વપૂર્ણ કાર્ય કર્યું હતું, જેને ધ્યાનમાં રાખીને આ વખતે જે ત્રણ પ્રતિકાત્મક પૂતળાઓનું દહન થવાનું છે તેમાં એક પૂતળું ધર્માંતરણનું, બીજું





પૂતળું લવ જેહાદનું અને ત્રીજું પૂતળું કુસંસ્કારોનું રાખવામાં આવ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમમાં બજરંગદળના રાષ્ટ્રીય સંયોજક કિશનજી પ્રજાપત વિશેષ ઉપસ્થિત રહીને પોતાના ઓજસ્વી વિચારોથી ધર્મપ્રેમી જનતાને માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉત્સવ દરમિયાન માત્ર પૂતળા દહન જ નહીં, પરંતુ સુરક્ષા અને સંસ્કારના પ્રતીકસૂચક અનેક કાર્યક્રમો પણ યોજાશે. કુરુક્ષેત્ર સંસ્થાના ધમભા દ્વારા બહેનો અને દીકરીઓને આત્મરક્ષા માટે શસ્ત્રો ચલાવવાની તાલીમ આપવામાં આવે છે, તે અંતર્ગત આ કાર્યક્રમમાં બહેનો દ્વારા સાહસિક શસ્ત્ર પ્રદર્શન રજૂ કરવામાં આવશે. ત્યારબાદ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિવિધ શસ્ત્ર પૂજન સંપન્ન થશે. આયોજકો દ્વારા રાજકોટની સમસ્ત ધર્મપ્રેમી જનતાને આ વિજયાદશમી ઉત્સવને નિહાળવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

બીજીબાજુ સવારથી જ લોકો જલેબી-ફાફડા ખાઈને વિજયાદશમીનો તહેવાર ઉજવવાના છે. આજે આખો દિવસ ગામો-શહેરોમાં ગરમાગરમ ફાફડા જલેબી મળશે તે સિવાય અન્ય મીઠાઈઓ પણ મળશે લોકો દશેરાનો તહેવાર મિઠાઈ ખાઈને ઉજવશે. આ દિવસે ભગવાન શ્રીરામે લંકાના રાજા રાવણનો વધ કરીને તેના શાસનનો અંત આણ્યો હતો. અને વિજય મેળવ્યો હતો તેની સ્મૃતિમાં વિજયાદશમીનો તહેવાર ઉજવવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસની આરાધના પછી માઁ દુર્ગાએ રાક્ષસ મહિસાસુરનો વધ કર્યો હતો. પૂર્વ ભારતમાં આ દિવસે દુર્ગા મુર્તિનું વિસર્જન કરવામાં આવે છે.

મહાભારત અનુસાર પાંડવોએ પોતાના અજ્ઞાતવાસ દરમ્યાન શમીના વૃક્ષ પર પોતાના શસ્ત્રો સંતાડ્યા હતા અને વિજયાદશમીના દિવસે જ અર્જુન કૌરવો પર વિજય મેળવ્યો હતો. આજે સાંજે રાવણ, કુંભકર્ણ અનેમેઘનાદ મોટા પૂતળા બાળવામાં આવશે અને ત્યારબાદ આતશબાજીનો કાર્યક્રમ યોજાનાર છે.

વિહિપ અને બજરંગદળ દ્વારા આજે સાંજે ૭ વાગ્યે શસ્ત્રપૂજન બાદ રાવણદહન થશે. રાવણદહન બાદ આતશબાજી થશે. આજે હજારો લોકો રાવણદહન તેમજ આતશબાજીનો કાર્યક્રમ નિહાળવા ઉમટી પડશે. વિક્રમ સંવતના આસો સુદ નવરાત્રી પર્વે વિજયા દશમી (દશેરા)ના હરહંમેશ મુજબ બ્રહ્મસેના (સૌરાષ્ટ્ર-ગુજરાત) સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલના નિવાસ સ્થાન બ્રાહ્મણીયાપરા-૬/૧ કોર્નર, ગોવિંદ બાગ શાક માર્કેટ નજીક પાણીના ઘોડા પાસે, પેડક રોડ રાજકોટ ખાતે શસ્ત્ર પૂજન અને શાસ્ત્ર પૂજન કરશે અને ગુજરાત રાજયના વિવિધ શહેર જિલ્લા તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં સક્રિય સભ્યો હોદેદારો તેમજ સ્નેહીજનોબંધુઓ, મિત્રો સ્વૈચ્છિક જોડાશે.

ઉલટા ચોર કોટવાલ કો ડાંટે તે આનું નામ

દુષ્કર્મના કેસમાં ઈન્ક્વાયરી દાખલ કરાવનાર આરોપીને સેશન્સનો ઝટકો

ભક્તિનગર પોલીસ મથકના અધિકારીઓ સામે ગુનો નોંધવાના નીચલી અદાલતના હુકમ પર સેશન્સ કોર્ટનો સ્ટે

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં ઉલ્ટાનું ચોર કોટવાળને દે તેવી કહેવતને સાર્થક કરતો એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના એક કેસમાં આરોપીએ જ અદાલતને ગેરમાર્ગે દોરીને ફરિયાદી અને તપાસ કરનાર પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવાનો હુકમ મેળવી લીધો હતો. જોકે, આ હુકમ સામે પોલીસ અધિકારીઓએ સેશન્સ અદાલતમાં રિવિઝન અરજી દાખલ કરતા, એડિશનલ સેશન્સ જજે નીચલી કોર્ટના હુકમ પર સ્ટે આપી દીધો છે.

કેસની વિગત મુજબ, ગત તા. ૦૫/૦૫/૨૦૨૬ના રોજ ભક્તિનગર પોલીસ મથકમાં કેયુર જયેશભાઈ જોષી વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો દાખલ થયો હતો. આ કેસની તપાસના અંતે પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ બે મહિના જેટલો સમય વીતી ગયા બાદ આરોપી કેયુર જોષીએ નીચલી અદાલતમાં પોતે જ ફરિયાદી બનીને દુષ્કર્મનો ભોગ બનનાર યુવતી, તેની મિત્ર અને ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. જયદિપસિંહ પરમાર, પી.એસ.આઈ. ચેતના અજોડીયા તથા એ.એસ.આઈ. નિલેશ મકવાણા સામે આક્ષેપો સાથે ઈન્ક્વાયરી દાખલ કરી હતી. આરોપીએ એવો આક્ષેપ કર્યો હતો કે આ તમામે મિલાપીપણામાં તેની સામે ખોટી એફ.આઈ.આર.



દાખલ કરી, ખોટી રીતે ધરપકડ કરી અને ખોટું ચાર્જશીટ રજૂ કર્યું છે. આવી માંગણીના આધારે નીચલી અદાલતે તા. ૧૯/૦૯/૨૦૨૬ના રોજ આ તમામ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવાનો હુકમ કર્યો હતો.

નીચલી અદાલતના આ હુકમની જાણ થતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ એડવોકેટ સુરેશ ફળદુ મારફતે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. જેમાં અદાલત સમક્ષ એવી સચોટ રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીએ નીચલી અદાલતને ગેરમાર્ગે દોરી છે અને કાયદાની જોગવાઈ મુજબના પ્રાથમિક તબક્કાઓ પણ અનુસર્યા નથી. તપાસના અંતે તૈયાર થયેલું ચાર્જશીટ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને જિલ્લા સરકારી વકીલ દ્વારા ચકાસાયા અને મંજૂર થયા બાદ જ કોર્ટમાં રજૂ કરાયું હતું. જો પોલીસ અધિકારીઓ કાયદેસરની ફરજ બજાવવા છતાં આરોપી બની જતા હોય, તો પોલીસ વિભાગમાં કોઈ જ કામગીરી કરી શકશે નહીં. આ અરસામાં પી.આઈ. રજા પર હતા અને એ.એસ.આઈ.એ તો દુષ્કર્મના આરોપીને ક્યારેય જોયો પણ ન હતો કે મળ્યા પણ ન હતા.

આવી તમામ હકીકતો, દસ્તાવેજી પુરાવાઓ અને બચાવ પક્ષના વકીલની અસરકારક રજૂઆતોને ધ્યાને લઈને સેશન્સ અદાલતે હાલના તબક્કે ન્યાયના હિતમાં સ્ટેની અરજી મંજૂર રાખીને ત્રણેય પોલીસ અધિકારીઓ સામે ગુનો દાખલ કરવાના નીચલી અદાલતના હુકમ પર સીમાચિહ્નરૂપ સ્ટે ફરમાવી દીધો છે.

ભક્તિનગર પોલીસ મથકના અધિકારીઓ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવિન ખુટ, સાહિલ કંટારીયા અને નીરવ દોંગા તેમજ તેમની મદદમાં આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહિલ ફળદુ, રાજદીપ વેકરીયા અને પૃથ્વી ગોસાઈ રોકાયા હતા.

રામોદમાં રાજકોટના વકીલ પર હુમલો

પિતા-પુત્ર સહિતના શખ્સો ધોકા વડે તૂટી પડ્યાઃ ત્રણ વર્ષ પૂર્વે આરોપીએ યુવાનની પત્નીના ફોટા વાયરલ કર્યાના મામલે મારમાર્યો

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં રહેતા એડવોકેટ યુવાનને કોટડા સાંગાણીના રામોદ ગામે દંપતી તેના પુત્ર અને સસરા સહિતનાઓએ મળી ધોકા વડે માર માર્યો હતો. યુવાનને ગુમભાગે ઈજા પહોંચાડી હતી. અગાઉ આરોપીએ યુવાનની પત્નીના ફોટા વાયરલ કર્યા હોય જે બાબતની માથાકૂટનો ખાર રાખી આ હુમલો કરાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં રેલનગર શેરી નંબર-૧ માં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરનાર સાગરભાઇ સુરેશભાઈ ભોણીયા (૩.૨૯) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુરના ગણેશનગરમાં રહેતા દીપક મહેશ સોલંકી, મહેશ સોલંકી અને રમાબેન મહેશ સોલંકી તેમજ દીપકભાઈના સસરાના નામ આપી જણાવ્યું હતું કે, તે રાજકોટથી તેના મામાના ગામ રામોદ સોશિયલ ઈન્ફલુએન્સર મનસુખભાઈ રાઠોડના પિતાનું અવસાન થયું હોય તેના બેસણામાં અને ભજનના કાર્યક્રમમાં આવ્યો હતો.

જ્યાં મામા કિશોરભાઈ સોલંકી (રહે. રામોદ)ના ઘરે રોકાયો હતો. દરમિયાન તા. ૧૭ના રાત્રીના સમયે મામાની ઘરની બહાર બેઠો હતો ત્યારે તેમની જ્ઞાતિનો દીપક સોલંકી (રહે રામોદ, હાલ ગણેશનગર, જેતપુર) ત્યાંથી નીકળ્યો હતો અને યુવાન સામે જોયું હતું અને કહેવા લાગ્યો હતો કે, તું મારી સામે કેમ જોવે છે તેમ કહેતા યુવાને કહ્યું હતું કે, મારે તારી સાથે કોઈ લેવાદેવા નથી, તું તારું કામ કર તેમ કહેતા દિપક ગાળો દેવા લાગ્યો હતો અને તેની ગાડીમાંથી ધોકો લઈ એક ઘા યુવાનના પગના ભાગે મારી દીધો હતો.

થોડીવારમાં દિપકના માતા રમાબેન આવ્યા હતા અને યુવાનને ગુમભાગે ઈજા પહોંચાડતા તે રાડારાડી કરવા લાગ્યો હતો. દરમિયાન દીપકના પિતા મહેશ સોલંકી પણ ઘસી આવ્યો હતો અને ગાળો દઈ ધોકા વડે યુવાનને માર માર્યો હતો અને ત્યાં જ દીપકના સસરા ઉભા હોય જે પણ યુવાન પાસે આવી તેની ગરદન પકડી ઝઘડો કરતા હતા. દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા આ ચારેય શખ્સો ગાડીમાં બેસીને જતા રહ્યા હતા. યુવાનને ઈજા પહોંચી હોય તેથી તેને ૧૦૮ મારફત સારવાર માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેમની નાતના દિપક દેવીપુજકે ત્રણ વર્ષ પહેલા યુવકની પત્નીના ફોટા વાયરલ કરતા યુવાને તેની સાથે માથાકૂટ થઈ હતી અને તે વખતે સમાજ લેવલે સમાધાન પણ થઈ ગયું હતું. તે બાબતનો ખાર રાખી દિપક તથા તેના માતા-પિતા અને તેના સસરાએ મળી યુવાનને માર મારી ગુમ ભાગે ઈજા પહોંચાડી જેથી યુવાને આ અંગે ફરિયાદ નોંધાવી છે.



ક્ષત્રિય (ગિરાસદાર) સમાજ દ્વારા શસ્ત્રપૂજન

હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય ખાતે સામુહિક શસ્ત્રપૂજનમાં બહોળી સંખ્યામાં યુવાનો, ભાઈઓ, વડીલ મુરબ્બીઓએ મોટી સંખ્યામાં જોડાવવા ચંદ્રસિહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા અનુરોધ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં ક્ષાત્ર પર્વ વિજયાદશમી નિમિત્તે તા. ૨૦ને મંગળવારના રોજ ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા ક્ષત્રિય (ગિરાસદાર) સમાજ માટે સમૂહ શસ્ત્રપૂજન આયોજન કરાયું છે. હરભમજી રાજ ગરાસિયા છાત્રાલય ખાતે બપોરે ૩.૦૦ કલાકે શાસ્ત્રોક વિધિ સાથે ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે સામુહિક શસ્ત્ર પૂજન યોજાશે. સામાજિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં શૌર્ય શક્તિ પર્વની પરંપરાગત



ઉજવણી થશે. સામુહિક શસ્ત્ર પૂજનમાં ક્ષત્રિય ગિરાસદાર યુવાનો, ભાઈઓ, વડીલો, મુરબ્બીઓએ બહોળી સંખ્યામાં સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા અપીલ કરાઈ છે.

મોરબીના રાજમાતા વિજયકુંવરબા સાહેબનું સ્વર્ગલોકગમન થયું હોવાથી સંસ્થા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે. રાજમાતા દ્વારા મોરબીને સામાજિક ક્ષેત્રે દરબાર ગઢ, મણી મંદિર,અનેકવિધ તે સમય માં પણ બાંધકામો કરવામાં આવ્યા હતા જે આજે મોરબીને સૌરાષ્ટ્રની અંદર પેરિસ ગણવામાં આવે છે. બીજું ક્ષત્રિય સમાજના છાત્રાલય માટે કિંમતી જગ્યા આપવી અને દાન પણ આપેલ,મોરબી ઝુલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોને આર્થિક એક લાખ રૂપિયાની સહાય આપીને પ્રવિત્ર આત્મા ને શાંતિ મળે તે માટે હવન કરવામાં આવ્યો હતો. રાજમાતાનું અવસાન થયું છે ત્યારે મોરબીની સાથે સમગ્ર ક્ષત્રિય સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. આવા દુઃખદ પ્રસંગને ધ્યાને રાખીને આ વખતે વિજયાદશમી પર્વની પરંપરાગત શોભાયાત્રા બંધ રાખવામા આવી છે. શાસ્ત્રોક વિધિ સાથે સમૂહ શસ્ત્રપૂજન રાબેતા મુજબ ચાલુ રહેશે. બહોળી સંખ્યા સમયસર ઉપસ્થિત રહેવા તેમજ વધુ માહિતી માટે ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ કાર્યવાહક સમિતિનો ૯૯૭૮૯ ૦૦૦૦૭ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

જંતુનાશક દવાનું કૌભાંડ ઝડપાયું, ૨ સામે ગુનો

તીર્થ બાયોટેક ઇન્ડસ્ટ્રીઝના નામે અન્ય કંપનીઓના લેબલ લગાવી ખેડૂતો સાથે છેતરપિંડી કરતા બે ભાગીદારો ૯.૯૧ લાખના મુદામાલ સાથે પકડાયા, ૧૬ સેમ્પલ ફેલ

રાજકોટ, તા.૧૯

રાજકોટ ગ્રામ્યના શાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં ખેડૂતો અને વેપારીઓ સાથે મોટી છેતરપિંડી કરવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું છે. એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના એ.એસ.આઈ. મદનસિંહ જેઠુસિંહ ચૌહાણ અને તેમની ટીમે શાપર વેરાવળ મેઇન રોડ પર કોરાટ સ્કૂલ સામે આવેલ શ્રીજી એસ્ટેટના પ્લોટ નંબર ૬, શેડ નંબર ૦૩ માં ચાલતી તીર્થ બાયોટેક ઇન્ડસ્ટ્રીઝમાં દરોડો પાડી બનાવટી જંતુનાશક દવાઓનો કાળો કારોબાર પકડી પાડ્યો છે. આ બનાવ અંગે રાજકોટના વાવડી વિસ્તારમાં આવેલા આકાર હાઈટ્સમાં રહેતા બે ભાગીદારો જીતેશ મનસુખભાઇ વધાસીયા અને અશ્વીન લાલજીભાઈ સાવલીયા વિરુદ્ધ ગત તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ શાપર વેરાવળ પોલીસ મથકમાં વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બંને આરોપીઓએ તીર્થ બાયોટેક ઇન્ડસ્ટ્રીઝના નામે માત્ર લાયસન્સ મેળવ્યું હતું, પરંતુ તેઓ પોતાના કારખાનામાં લૂઝ માલમાંથી અલગ-અલગ બ્રાન્ડેડ કંપનીઓના લેબલ અને સ્ટીકર લગાવીને શંકાસ્પદ તેમજ નબળી ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓ બનાવતા હતા. પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે આ શખ્સો પાસે અન્ય કંપનીઓની માલ નિશાની લગાવવાની કોઈ જ ઓથોરિટી ન હોવા છતાં, તેઓ બનાવટી માલ



નિશાનીનો ઉપયોગ કરી ખેડૂતો અને એગ્રોના વેપારીઓને છેતરવાના ઇરાદાથી આ મિસ બ્રાન્ડેડ દવાઓનું ગેરકાયદેસર ઉત્પાદન અને વેચાણ કરતા હતા. દરોડા દરમિયાન સ્થળ પરથી કોઈપણ જાતના બિલ કે લાયસન્સ વગરની અલગ-અલગ કંપનીના સ્ટીકરો લગાવેલી કુલ ૯૦૪ જેટલી શંકાસ્પદ જંતુનાશક દવાની નાની-મોટી ૯.૯૧ લાખની બોટલો મળી આવી હતી,

પોલીસની દરોડાની કાર્યવાહી સમયે કોટડા સાંગાણીના ખેતીવાડી અધિકારી પી.એસ. મકવાણાને પણ સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. ખેતીવાડી અધિકારી દ્વારા આ શંકાસ્પદ દવાઓના ૧૮ જેટલા સેમ્પલો લઈને ગાંધીનગર ખાતેની પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. લેબોરેટરીમાંથી આવેલા પરીક્ષણ અહેવાલ મુજબ લીધેલા સેમ્પલમાંથી માત્ર બે સેમ્પલ પાસ થયા હતા, જ્યારે અન્ય ૧૬ સેમ્પલ જંતુનાશક દવા અધિનિયમ ૧૯૬૮ મુજબ અપ્રમાણિત એટલે કે ફેલ સાબિત થયા હતા. આ લેબ રિપોર્ટના આધારે આરોપીઓએ નબળી દવાઓનું ગેરકાયદેસર વેચાણ કર્યું હોવાનું અને ખેડૂતોના વિશ્વાસ સાથે રમત રમી હોવાનું સ્પષ્ટ થતાં, બંને આરોપીઓ સામે જંતુનાશક દવા અધિનિયમની કલમ મુજબ સત્તાવાર એફ.આઈ.આર. નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશેષ સર્વેલન્સ ડ્રાઈવ

દશેરા પૂર્વે ફૂડ વિભાગનું સર્ચ ઓપરેશન

ચેકિંગ દરમિયાન શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી કુલ ૩૯ પેઢીઓ પર ત્રાટકી ટીમ, ૩૬ કીગ્રા અખાદ્ય જથ્થાનો નાશ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા-ફૂડ વિભાગ દ્વારા હાલ ચાલી રહેલા નવરાત્રી અને આગામી દશેરાના તહેવારોને અનુલક્ષીને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં રોકવા માટે એક વિશેષ સર્વેલન્સ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ સઘન ચેકિંગ દરમિયાન શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી કુલ ૩૯ વેપારી પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક જણાયેલ કુલ ૩૬ કિલોગ્રામ અખાદ્ય, વાસી, પડતર અને એક્સપાયરી ડેટ વીતેલા ખાદ્યજથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, હાઈજેનિક કન્ડિશનનો અભાવ, લાયસન્સ અને સ્ટોરેજ બાબતે ગેરરીતિ બદલ કુલ ૩ પેઢીઓને નોટિસ ફટકારવામાં આવી હતી અને કુલ રૂ. ૨,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. સાથે જ, નવરાત્રીને ધ્યાનમાં રાખીને ૦૩ રાસ-ગરબા ગ્રાઉન્ડના ફૂડ સ્ટોલ્સનું પણ ચેકિંગ કરાયું હતું. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ મીઠાઈ, ફરસાણ અને રો-મટીરિયલ્સના કુલ ૪૪ નમૂનાઓ લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

આ કાર્યવાહી અંતર્ગત મવડીના ૮૦ ફૂટ રોડ પર આવેલ 'મોમોનીસ ફૂડટ્રક'માંથી વાસી તથા પડતર પેક કરેલ ફ્રોઝન મોમોસ, મનચુરીયન પેસ્ટ (૨૦ કિલો) અને દાઝેલું તેલ (૩ કિલો) મળી કુલ ૨૩ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરી નોટિસ અપાઈ હતી. રૈયા રોડ પર આવેલ 'શ્યામ ફરસાણ સ્વીટમાર્ટ'ને નોટિસ આપી રૂ. ૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. મોરબી રોડ પર





આવેલ 'શ્રી સીતારામ ડેરી'માંથી ૯ કિલો વાસી મીઠાઈ અને ૪ કિલો એક્સપાયરી ચેરી/કરોન્ડા મળી કુલ ૧૩ કિલો જથ્થાનો નાશ કરી રૂ. ૧,૦૦૦/- નો દંડ વસૂલાયો હતો અને લૂઝ બટર બાસ્કેટ તથા ગુલાબ પિસ્તા સેન્ડવિચ બરફીના સેમ્પલ લીધા હતા. ભગવતીપરા મુખ્ય રોડ પર આવેલ 'ભગવતી ફરસાણ સ્વીટમાર્ટ'માં છાપેલી પસ્તી (ન્યૂઝપેપર)નો ઉપયોગ કરવા બદલ રૂ. ૫૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરી મરચું પાવડર અને જલેબીના નમૂના લેવાયા હતા. આ ઉપરાંત કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ સામે આવેલ 'છ્યબયહ ઋજ્ઞજ્ઞમત ડ્દર્ંકમિં' રેસ્ટોરન્ટને નોટિસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની આ ઝુંબેશમાં કાલાવડ રોડના ક્રિસ્ટલ મોલ સ્થિત 'એવન્યુ સુપરમાર્ટસ લિ. (ડી-માર્ટ)'માંથી ખજ્ઞલી ખજ્ઞલી કુભવયય ઊીશભય ડ્રિંકનો નમૂનો લેવાયો હતો. જ્યારે ભગવતીપરાના 'ઈઈઉજ કિચન'માંથી સિંગતેલ, શીરો, વઘારેલા ચણા, મિક્સ વેજીટેબલ શાક, થેપલા, ગોળ, રાય અને જીરું સહિત કુલ ૮ નમૂના લેવામાં આવ્યા હતા. આ સાથે ફાફડા-ગાંઠિયા અને જલેબી-મીઠાઈ જેવા તહેવારી પદાર્થોના સેમ્પલ માટે લક્ષ્મીવાડીના 'શ્રી શક્તિરાજ સ્વીટ નમકીન', સરદારનગરના 'કૈલાશ ફરસાણ માર્ટ', સદર બજારના 'શ્રી પંચનાથ નમકીન સેન્ટર', કોટેચા નગરના 'બજરંગ ફરસાણ', ગાયત્રીનગરના 'જલિયાણ ફરસાણ', ભક્તિનગરના 'ધારેશ્વર ફરસાણ' અને 'ધારેશ્વર ડેરીફાર્મ', નાના મવા ચોકના 'માટેલ સ્વીટ્સ નમકીન', સુભાષનગરના 'અરિહંત સ્વીટમાર્ટ', કોઠારીયા રોડના 'યોગેશ્વર ડેરીફાર્મ', ભક્તિનગરના 'વૃંદાવન ડેરીફાર્મ', રૈયા રોડના 'ખોડીયાર વિજય ડેરીફાર્મ', 'ભગવતી સ્વીટ્સ નમકીન', 'પ્રણામી ફરસાણ' અને 'મુરલીધર ફરસાણ', તેમજ પુનિત નગરના 'રામદેવ ડેરીફાર્મ', રૈયા રોડના 'બાલાજી ફરસાણ' અને કૃષ્ણનગરના 'શ્રી કુષ્ણ ડેરી' ખાતેથી લોડિંગ અને લૂઝ મીઠાઈ-ફરસાણના નમૂના લેવાયા હતા.

ખેડુત આક્રોશ મહાસભા પૂર્વે કોંગ્રેસ આક્રમક

સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર કરવા અને વીજકાપ પાછો ખેંચવાની માંગ સાથે ૨૨ તારીખે રણશિંગુ ફૂંકાશે

રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં આગામી ૨૨ તારીખે યોજાનારી ખેડૂત આક્રોશ મહાસભાને લઈને રાજકારણ ગરમાયું છે અને આ મહાસભા પૂર્વે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો લલિત વસોયા તથા લલિત કગથરાએ એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને રાજ્ય સરકાર સામે આક્રમક તેવર અપનાવ્યા હતા. પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે આગામી ૨૨ તારીખે મળનારી આ ભવ્ય મહાસભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અમિત ચાવડા, શક્તિસિંહ ગોહિલ, ગેનીબેન ઠાકોર અને પરેશ ધાનાણી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.



કોંગ્રેસના નેતાઓએ સરકાર પર પ્રહાર કરતા આક્ષેપ કર્યો હતો કે સરકાર દાદાગીરીથી વીજપોલ નાખી રહી છે, જેના કારણે ખેડૂતોની કિંમતી જમીનો નકામી થઈ રહી છે અને અદાણી કંપનીને આર્થિક ફાયદો કરાવવા માટે જ આ તમામ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોના ભોગે કોઈપણ પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્વીકાર્ય નથી તેવું સ્પષ્ટ કરતા લલિત કગથરાએ કટાક્ષ કર્યો હતો કે જીવતા બાપાની સેવા ન થાય અને મરી ગયા પછી મોટો દાળો કરવાનો કોઈ મતલબ નથી, તેથી ખેડૂતોના પ્રશ્નોનું સમયસર નિરાકરણ આવવું જોઈએ. પત્રકાર પરિષદમાં લલિત વસોયાએ પણ સૂર પુરાવતા જણાવ્યું હતું કે હાલ સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે અને આ વર્ષે વરસાદ ઓછો પડ્યો હોવાથી સરકારે તાત્કાલિક સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર કરવો જોઈએ.

કરોડો રૂપિયાના ખર્ચથી બનેલી સૌની યોજનાનું પાણી આ મુશ્કેલ સમયમાં ખેડૂતોને સિંચાઈ માટે આપવામાં આવે તથા ઘાસચારાનું ઉત્પાદન ઘટ્યું હોવાથી સરકારે પશુપાલકો અને ખેડૂતોને આર્થિક મદદ કરવી જોઈએ તેવી માંગ પણ કરવામાં આવી હતી. વસોયાએ ઉમેર્યું હતું કે ગુજરાતને બાદ કરતા દેશના અન્ય તમામ રાજ્યોમાં પાકવીમા યોજના ચાલુ છે, ત્યારે જૂની પાકવીમા યોજના ફરીથી શરૂ કરવા માટે આ મહાસભામાં ઉગ્ર માંગ કરવામાં આવશે તેમજ ખેડૂતોના વળતરના કેસોનો નિકાલ લાવીને તાત્કાલિક ચુકાદા આપવામાં આવે તેવી માંગ પણ કરાશે. ટેકાના ભાવે ખરીદી માટે ગય વર્ષની સરખામણીએ આ વર્ષે ૨૫ ટકા ઓછા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી હોવાની ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી હતી. વીજપોલના મુદ્દે હાલ ખેડૂતોમાં ભારે રોષ છે અને આંદોલનો ચાલી રહ્યા છે, જેને કોંગ્રેસ પક્ષ દ્વારા સંપૂર્ણ સમર્થન જાહેર કરવામાં આવ્યું છે. ખેડૂતો સામે તોળાઈ રહેલા વીજસંકટ વિશે વાત કરતા કગથરાએ જણાવ્યું હતું કે હાલ સાંજે ૪ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી ખેડૂતો માટે સંપૂર્ણ વીજકાપ રહે છે, જેના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે અને આ તમામ મુદ્દાઓને લઈને ૨૨ તારીખની મહાસભામાં સરકાર વિરુદ્ધ રણશિંગુ ફૂંકવામાં આવશે.

રાજકોટની સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં

સિવિલ હોસ્પિટલની ગંભીર બેદરકારી કે ડ્રાઈવરોની લાચારી?

દર્દીઓની જિંદગીના ભોગે તંત્રનું શોષણ, માત્ર એક કર્મચારીના ભરોસે ઈમરજન્સી સેવાઓ! : સામૂહિક રાજીનામા

રાજકોટ, તા. ૧૯

રાજકોટની સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર તંત્રની ઘોર બેદરકારી અને કર્મચારીઓના આક્રોશને કારણે વિવાદના વમળમાં ફસાઈ છે. દર્દીઓ માટે સંજીવની સમાન ગણાતી એમ્બ્યુલન્સ અને વાહન સેવાઓ સંભાળતા ડ્રાઈવરોએ પોતાના હક્ક અને સન્માન માટે આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. લાંબા સમયથી ચાલી આવતી પગાર વધારાની વ્યાજબી માંગણીઓ પ્રત્યે સરકારી તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા દાખવવામાં આવેલી ઘોર ઉપેક્ષાથી કંટાળીને તમામ વાહનચાલકોએ એકસાથે સામૂહિક રાજીનામાં સોંપી દેતાં સમગ્ર આરોગ્યતંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.



સિવિલ હોસ્પિટલમાં આકાર પામેલી આ વહીવટી કટોકટીના મૂળમાં કર્મચારીઓનું આર્થિક શોષણ જવાબદાર છે. હોસ્પિટલમાં દિવસ-રાત જોયા વગર અનેક જીવ બચાવવાની કટોકટીભરી ડ્યુટી બજાવતા આ ડ્રાઈવરોને માસિક માત્ર ₹૧૫,૦૩૫ જેટલું નજીવું વેતન આપવામાં આવે છે. આટલી મોંઘવારીના જમાનામાં આટલા ઓછા પગારમાં પરિવારનું ગુજરાન ચલાવવું અત્યંત મુશ્કેલ બની રહ્યું છે. વધુમાં, જ્યારે કોઈ ગંભીર દર્દીને તાત્કાલિક અસરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવે છે, ત્યારે રાજકોટથી અમદાવાદ જઈને પરત આવવામાં ડ્રાઈવરને સતત ૧૧ થી ૧૨ કલાક જેટલો લાંબો અને થકવી નાખનારો સમય લાગે છે. કોઈ પણ જાતના વધારાના ભથ્થા કે યોગ્ય સુવિધા વગર આટલી કઠોર અને માનસિક તણાવ ભરેલી ડ્યુટી કરવા છતાં, વળતરના નામે તેમને માત્ર અપેક્ષા અને આશ્વાસનો જ મળ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં હાલમાં કુલ ચાર વાહનો કાર્યરત છે, જેમાં ત્રણ તૂફાન ગાડીઓ અને એક છોટા હાથીનો સમાવેશ થાય છે. આ ચારેય વાહનો સિવિલ હોસ્પિટલના રોજિંદા સંચાલન માટે મર્યાદા વગરના અતિ-મહત્વપૂર્ણ ગણાય છે. ગંભીર હાલતના દર્દીઓને ઉચ્ચ સારવાર માટે અન્ય શહેરોમાં રિફર કરવા, આકસ્મિક મૃત્યુ પામેલા લોકોના દેહનું પરિવહન કરવું, લોહીની જરૂરિયાત પૂરી પાડવા માટે બ્લડ બેંક સંબંધિત ઈમરજન્સી કામગીરી કરવી તેમજ વીઆઈપી કોન્વોય અને પ્રોટોકોલ ડ્યુટી જેવી સંવેદનશીલ જવાબદારીઓ આ વાહનો અને તેના ડ્રાઈવરોના શીરે હોય છે. નિયમ મુજબ આ તમામ કામગીરી પહોંચી વળવા માટે કુલ નવ ડ્રાઈવરોની મંજૂર થયેલી વ્યવસ્થા છે. પરંતુ તંત્રની નિષ્ક્રિયતાને કારણે આજે પરિસ્થિતિ એ હદે વણસી છે કે રાજીનામા અને વિરોધના પગલે વાહન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.

હાલની સ્થિતિ એટલી દયનીય અને ચિંતાજનક છે કે આખી સિવિલ હોસ્પિટલની ઈમરજન્સી વાહન સેવાઓ માત્ર ને માત્ર એક જ કર્મચારીના ભરોસે ચાલી રહી છે. સવારથી સાંજ સુધી સતત કામ કરીને આ એકમાત્ર ડ્રાઈવર દર્દીઓને હાલાકી ન પડે અને કોઈનો જીવ જોખમમાં ન મુકાય તે માટે અથાક પ્રયાસો કરી રહ્યો છે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું એક જ માણસ આટલી મોટી હોસ્પિટલનો બોજ ક્યાં સુધી ઉચકી શકશે? જો તે કર્મચારી પણ થાકીને બેસી જશે કે કોઈ અણબનાવ બનશે, તો ઈમરજન્સીમાં આવતા દર્દીઓની જિંદગીનું શું? સિવિલ હોસ્પિટલ તંત્ર અને જવાબદાર અધિકારીઓ આટલી ગંભીર બાબતે પણ શા માટે મૌન સેવીને બેઠા છે તે મોટો પ્રશ્ન છે. હવે જોવાનું એ રહે છે કે સત્તાધીશો તાત્કાલિક ધોરણે જાગીને ડ્રાઈવરોની પગાર વધારાની રાજીવ માંગણીનો સંતોષકારક ઉકેલ લાવે છે કે પછી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોશે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા એક વિશેષ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું

સૌરાષ્ટ્રમાં વીજળી-પાણીની ગંભીર કટોકટી

'સ્ટેગરિંગ હોલીડે' અને સોલાર યોજના બંધ કરવા મુદ્દે ગોપાલ ઈટાલીયાના સરકાર પર આકરા પ્રહાર



રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા એક વિશેષ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે ગુજરાતમાં પ્રવર્તતી વીજળી અને પાણીની ગંભીર કટોકટી મુદ્દે રાજ્ય સરકારને ઘેરી હતી અને વિકાસના દાવાઓની પોલ ખોલતા આકરા સવાલો ઉઠાવ્યા હતા.

ગોપાલ ઈટાલીયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આજે વીજળીની કટોકટી સર્જાઈ રહી છે. ચોમાસા સત્ર દરમિયાન સરકારે જવાબ આપ્યો હતો કે સરકાર વીજળીનું ઉત્પાદન કરીને અન્ય રાજ્ય અને કંપનીઓને વીજળી આપે છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ જ છે. સરકારની આ પોલ છુપાવવા માટે હવે નવા કિમિયા અપનાવવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા 'સ્ટેગરિંગ હોલીડે'ના નામે લોકોને જાણે કોઈ મોટો નવો વિકાસ કર્યો હોય તેવો અંગ્રેજી શબ્દ પકડાવી દેવામાં આવ્યો છે, પરંતુ તેનો સરળ અને સાચો ગુજરાતી અર્થ તો 'વીજળીના ધાંધિયા' જ થાય છે. જો સરકાર ખુલ્લેઆમ એવું સ્વીકારે કે અમારી સરકારમાં વીજળીના ધાંધિયા સર્જાયા છે અથવા વીજ કટોકટી પ્રવર્તે છે, તો પ્રજા જાગૃત થઈ જાય અને સરકારની સાચી હકીકત બહાર આવી જાય તેવું તેમણે ઉમેર્યું હતું.

આપના ધારાસભ્યએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે આજે વિકાસનો ફુગ્ગો સંપૂર્ણપણે ફૂટી ગયો છે. આ સ્થિતિને ઢાંકવા માટે સરકાર ઉદ્યોગપતિઓને ચાર કલાક સુધી વીજળીનો ઉપયોગ ન કરવા માટે ધમકાવી રહી છે. એટલું જ નહીં, સાંજ થતાની સાથે જ હજારો ગામોમાં ત્રણથી ચાર કલાક સુધી વીજળી કાપી નાખવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રી જેવા પવિત્ર અને મુખ્ય તહેવારોની ઉજવણી દરમિયાન પણ વીજળી કાપી નાખવામાં આવતી હોવાથી સામાન્ય જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વીજળીની સાથેસાથે સૌરાષ્ટ્ર અને રાજકોટમાં પાણીની કટોકટી પણ એક મુખ્ય અને ગંભીર પ્રશ્ન બની ગઈ છે તેમ જણાવતા તેમણે સોલાર પેનલ સંબંધિત એક મોટો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે, સોલાર પેનલમાંથી વીજળી ઉત્પાદન કરીને તેને રાત્રે ઉપયોગમાં લેવાની એક ઉત્તમ યોજના અગાઉ શરૂ કરવામાં આવી હતી. પરંતુ ઉચ્ચ અધિકારીઓને બેટરી સંચાલકો પાસેથી જોઈએ તેટલું કમિશન ન મળવાના કારણે આ મહત્વપૂર્ણ યોજના માત્ર બે વર્ષની અંદર જ બંધ કરી દેવામાં આવી છે. અધિકારીઓની લાલચ અને ભ્રષ્ટાચારના કારણે પ્રજાએ ભોગવવું પડી રહ્યું છે.

આ પ્રસંગે ભાજપના નેતાઓ પર કટાક્ષ કરતા ગોપાલ ઈટાલીયાએ સવાલ કર્યો હતો કે ભાજપના લોકો વર્ષમાં દસ-દસ વાર વિદેશયાત્રા પર જાય છે, ત્યારે શું તેઓ ત્યાંના સારા રોડ-રસ્તા અને નાગરિક સુવિધાઓ જોતા નથી હોતા કે પછી માત્ર ફરવા કે પીવા જ જતા હોય છે? જો તેઓ વિદેશમાં આ બધું જોતા હોય તો પોતાના રાજ્યમાં આવી સુવિધાઓ કેમ વિકસિત કરતા નથી?

સૌરાષ્ટ્રમાં સર્જાયેલા પાણી અને દુષ્કારના પ્રશ્ને વાત કરતા તેમણે યાદ અપાવ્યું હતું કે, દુષ્કાર જાહેર કરવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં સૌપ્રથમ ઈસુદાન ગઢવીની આગેવાનીમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજે પીવાના પાણી માટે સૌથી મોટું સંકટ સૌરાષ્ટ્રમાં સર્જાયું છે અને ખેડૂતોના ખેતરો પાણી વિના બળી ગયા છે. સરકાર પર પ્રહાર કરતા તેમણે આડેહાથ લેતા કહ્યું કે, ખેડૂતો અને જનતાના ખેતરો બળી રહ્યા છે અને આ બધા હિન્દુ જ છે, તો જો તમે સાચા હિન્દુ હોવ તો રાજ્યમાં દુષ્કાર કેમ જાહેર નથી કરતા? માત્ર સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવીને જ હિન્દુ હોવાના નાટક કરવામાં આવે છે તેવો ઉગ્ર રોષ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

કરન્ટનો ઝટકો..

વીજ કટોકટી આકરા સમયને વધારે આકરો બનાવી રહ્યો છે



રાજકોટના ઉપલેટા પંથકમાં અનિયમિત વીજ પુરવઠા અને અણધારા વીજકાપ સામે સુપેડી તથા ઝાંઝમેર ગામના ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. જેટકો કચેરીનો ઘેરાવ કરીને અન્નદાતાઓએ જે રોષ વ્યક્ત કર્યો છે, તે માત્ર એક સ્થાનિક સમસ્યા નથી, પરંતુ સમગ્ર રાજ્યમાં તોળાતી વીજ કટોકટીનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.

એક તરફ વરસાદની ખેંચ અને અનિયમિત હવામાનને કારણે દુષ્કાળસદૃશ પરિસ્થિતિ સર્જાઈ રહી છે, ત્યારે ખેતીનો પાક બચાવવા માટે ખેડૂતોને પૂરતા અને સુસંગત વીજ પુરવઠાની તાતી જરૂરિયાત છે. પરંતુ આવા સંવેદનશીલ સમયે જ સવાર-સાંજ અનિયમિત વીજકાપ થતાં ખેડૂતોના ઊભા પાક સુકાઈ જવાની નોબત આવી છે. વીજળી વિના સિંચાઈ શક્ય ન બનતાં ઠેરઠેર તંત્ર સામે સંઘર્ષનો માહોલ ઊભો થયો છે, જે ગુજરાત સરકારની મોટી કસોટી કરી રહ્યો છે.

રાજ્યમાં વ્યાપક પાવર ગ્રીડ કટોકટી અને વીજ ખાધ સ્થિતિને વધુ આકરી બનાવી રહી છે. ઉનાળા અને ચોમાસાના પાછલા તબક્કામાં વીજ માંગનો આંકડો ૨૯,૮૦૦ મેગાવોટથી પણ ઉપર પહોંચીને સર્વોચ્ચ રેકોર્ડ ધરાવે છે. તહેવારો અને ઉદ્યોગોના કારણે વીજળીનો વપરાશ દૈનિક ૫૭૦ મિલિયન યુનિટ કરતાં વધુ પહોંચી ગયો છે. બીજી તરફ, પુનઃપ્રાપ્ય ઊર્જા જેવાં કે વિન્ડ અને હાઇડ્રો પાવરના ઉત્પાદનમાં ઘટાડો થતાં માંગ અને પુરવઠા વચ્ચે હજારો મેગાવોટની ખાધ ઊભી થઈ છે.

આ ખાધને પહોંચી વળવા સરકારી તંત્ર ખાનગી ક્ષેત્રો પર નિર્ભર બન્યું છે, પણ તેનું સીધું નુકસાન ગ્રામીણ વિસ્તારો અને કૃષિ ક્ષેત્રે ભોગવવું પડી રહ્યું છે. ખેડૂતોને મળતી નિયમિત વીજળીમાં કાપ મૂકીને લોડશેડિંગ લાદવામાં આવે છે.

દુષ્કાળ જેવા કઠિન સમયમાં વીજકાપનો આ અઘરો ઝટકો ખેડૂતો માટે પડતા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યો છે. જો સમયસર સચોટ આયોજન અને પૂરતો વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં નહીં આવે, તો આ વીજ કટોકટી આગામી દિવસોમાં આકરા સમયને વધુ કઠીન અને ચિંતાજનક બનાવશે. ઉદ્યોગ જગતમાં પણ વધતી વીજમાંગ સરકાર માટે કસોટી સમાન બની રહી છે.

જુઠ્ઠાણા-ભ્રામક પ્રચાર દ્વારા અરાજકતા ફેલાવવાનો પ્રયાસ

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વિપક્ષના આરોપોનો જવાબ આપતાં, તેમના પર જાણી જોઈને ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો

નવીદિલ્હી, તા. ૧૯

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કોંગ્રેસ અને કેટલાક વિપક્ષી નેતાઓ પર વિવાદ, ખોટી માહિતી અને ખોટા આરોપો દ્વારા જાણી જોઈને અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. એક અખબાર માટે લખેલા લેખમાં, સિંહે જૂઠાણાનો સામનો કરવાની અને બંધારણીય સંસ્થાઓમાં જાહેર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ''એવું કહેવાય છે કે યુદ્ધમાં, સત્ય ઘણીવાર સૌથી પહેલા બલિદાન આપવામાં આવે છે,'' સિંહે લખ્યું. ''રાજકીય સ્પર્ધાઓમાં આ વધુને વધુ સાચું છે, જ્યાં 'સત્ય પછીની' રાજનીતિ જાહેર ચર્ચાનું એક મહત્વપૂર્ણ પાસું બની રહી છે.'' તેમણે લખ્યું કે 'સત્ય પછીની' આ યુગમાં, ખોટા પ્રચાર, વિકૃતિઓ અને અતાર્કિક ભાવનાત્મક અપીલો ઘણીવાર નક્કર તથ્યો અને નક્કર પુરાવાઓને ઢાંકી દે છે. અહીં, ઉશ્કેરણીજનક રેટરિક તર્કસંગત ચર્ચાને બદલે છે.

એક સમયે મુખ્યત્વે શૈક્ષણિક ચર્ચાનો વિષય, 'સત્ય પછીની' હવે રોજિંદા રાજકારણનો એક ભાગ બની ગઈ છે. લોકોને ગેરમાર્ગે દોરવા માટે રચાયેલ ખોટી માહિતી ઝુંબેશનો ઉપયોગ ફક્ત જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવા માટે જ નહીં પરંતુ લોકશાહી સંસ્થાઓની વિશ્વસનીયતાને નબળી પાડવા માટે પણ થઈ રહ્યો છે. તેમણે લખ્યું કે આરોપોને વારંવાર પુનરાવર્તિત અને અતિશયોક્તિપૂર્ણ કરવામાં આવે છે, ભલે તેમને સાબિત કરવા માટે કોઈ પુરાવા ન હોય. આવી સ્થિતિમાં, સત્ય ફક્ત પ્રથમ બલિદાન આપવામાં આવતું નથી, પરંતુ તે સંપૂર્ણપણે ભૂંસી નાખવાનું જોખમ પણ ધરાવે છે. રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારતનું રાજકીય પ્રવચન પણ ''પોસ્ટ-ટ્રુથ'' ના આ વલણથી મુક્ત નથી. કેટલાક વિપક્ષી જૂથો સતત ઇરાદાપૂર્વક ગુસ્સો ભડકાવી રહ્યા છે, પ્રચાર ફેલાવી રહ્યા છે અને અરાજકતા વાવવા માટે ખોટી માહિતીનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ રાષ્ટ્રીય હિતોથી ઉપર પોતાના સ્વાર્થી રાજકીય લક્ષ્યોને મૂકી રહ્યા છે.



સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે આ લેખનો હેતુ વિપક્ષની ટીકા કરવાનો નથી, કે એવો દાવો કરવાનો નથી કે બંધારણીય સંસ્થાઓની ટીકા કરી શકાતી નથી. અસંમતિ લોકશાહીનો જીવ છે. પરંતુ આનો અર્થ એ નથી કે જૂઠાણાને ફેલાવવા દેવા જોઈએ. સારી નીતિનિર્માણ માટે અસંમતિ જરૂરી છે. જો કે, તેનો અર્થ એ પણ નથી કે જાહેર વિશ્વાસ પર સતત અને દ્વેષપૂર્ણ રીતે હુમલો થવો જોઈએ, એવા આરોપો સાથે જે તથ્યપૂર્ણ તપાસનો સામનો ન કરે. તેથી, ઉદ્દેશ્ય આ જૂઠાણાને પડકારવાનો અને બંધારણીય સંસ્થાઓમાં જાહેર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો છે, જે અવિશ્વાસ પેદા કરતી કુટિલ રાજનીતિ દ્વારા ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. આ વધુ મહત્વપૂર્ણ બની જાય છે જ્યારે આપણે જોઈએ છીએ કે વિપક્ષના કેટલાક વર્ગોએ ચૂંટણી સંસ્થાઓ અને પ્રક્રિયાઓ પર હુમલો કર્યો છે. તેઓ એ હકીકત છુપાવવા માટે આમ કરે છે કે જનતા તેમને વારંવાર નકારી રહી છે.

તેમના લેખમાં, રાજનાથ સિંહે વિપક્ષ દ્વારા સતત ઉઠાવવામાં આવેલા ત્રણ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું કે ત્રણ મુદ્દાઓ ખાસ કરીને સ્પષ્ટ છેઃ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) માં છેડછાડના વારંવારના આરોપો, મતદાર યાદીઓના 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) ની આસપાસનો વિવાદ, અને ભારતીય ચૂંટણી પંચ (ECI) ની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડવાના અન્યાયી પ્રયાસો. SIR વિશે ઉઠાવવામાં આવી રહેલા પ્રશ્નો અંગે, તેમણે કહ્યું કે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ની આસપાસનો વિવાદ એનું બીજું ઉદાહરણ છે કે, આજના સમયમાં, કેટલાક લોકો પોતાના સંકુચિત રાજકીય હિત માટે કાયદેસર રીતે યોગ્ય અને વહીવટી રીતે યોગ્ય પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટે, એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ વિરુદ્ધ ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયા કેસમાં પોતાના ચુકાદામાં, સ્પષ્ટ કર્યું હતું કે મતદાર યાદીની અખંડિતતા મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે મૂળભૂત છે. કોર્ટે જણાવ્યું હતું કે મતદાર યાદીની ચોકસાઈ, સંપૂર્ણતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવી એ માત્ર એક કાયદેસર ઉદ્દેશ્ય જ નથી પણ કમિશનની બંધારણીય જવાબદારીનો અભિન્ન ભાગ પણ છે.

સિગ્નલ એપ દ્વારા હેન્ડલર્સ સાથે સંપર્કમાં

૧૦ દિવસ સુધી ટાઇગર શ્રોફની દરેક હિલચાલ પર નજર રાખતા'તા : પોલીસે કર્યો ખુલાસો

નવીદિલ્હી, તા. ૧૯

૧૯ ઓક્ટોબરના રોજ અભિનેતા ટાઇગર શ્રોફ ફૂટબોલની રમતમાંથી ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે બે હુમલાખોરોએ તેના પર પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જ્યારે બીજો એક મોટરસાઇકલ પર તેની રાહ જોઈ રહ્યો હતો. હુમલો કરતા પહેલા, આરોપીઓએ ટાઇગર શ્રોફના ઘર અને તેના જીમની તપાસ કરી હતી. તેઓ છેલ્લા ૧૦ દિવસથી ટાઇગરની ગતિવિધિઓ અને સમયપત્રક પર નજર રાખી રહ્યા હતા. આરોપીઓ પાપારાઝી અને બ્લોગર્સ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાંથી ટાઇગરના વારંવારના સ્થળો વિશે માહિતી મેળવી રહ્યા હતા. આરોપીઓ વોટ્સએપ અને સિગ્નલ દ્વારા તેમના હેન્ડલર્સ સાથે સતત સંપર્કમાં હતા, જેણે ગુનાના સ્થળનું સ્થાન પણ શેર કર્યું હતું. પોલીસ તપાસ કરી રહી છે કે શું આ હેન્ડલરે અનિલ પંડિત છે કે શું અનિલ પંડિતની નજીકનો કોઈ ત્રણ શૂટર્સના સંપર્કમાં હતો. તપાસમાં બહાર આવ્યું છે કે રેહાન અનિલ પંડિતના સંપર્કમાં હતો. એજન્સીઓને તેના ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ પણ મળ્યા છે. રેહાનના કહેવા પર જ સોનીપતનો રહેવાસી સગીર છોકરો કાવતરાનો ભાગ બન્યો હતો. ઋતિક, જે પહેલાથી જ મુંબઈમાં હતો, તેણે સગીર શૂટર અને રેહાનને લોજિસ્ટિક્સ પૂરી પાડી હતી.



કોટા પોલીસે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે રેહાન, ઋતિક અને રોશન જયપુરથી દિલ્હી ટ્રેન દ્વારા મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેઓ નેપાળ જવાની યોજના બનાવી રહ્યા હતા. કોટા પોલીસે રેહાનને મુખ્ય આરોપી તરીકે ઓળખી કાઢ્યો છે. ત્રણ આરોપીઓમાંથી એક સગીર છે, જેની ઉંમર ૧૭ વર્ષ છે, જ્યારે અન્ય બે પુખ્ત છે. પોલીસના જણાવ્યા અનુસાર, રેહાન બિશ્નોઈ ગેંગના અનિલ પંડિતના સંપર્કમાં હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ત્રણ આરોપીઓની ૧૫ મિનિટની ટ્રેન શોધખોળ બાદ ધરપકડ કરવામાં આવી હતી. ટાઇગર પર હુમલો કરતા પહેલા તેઓએ ૧૦ દિવસની રેકી કરી હતી. કોટા પોલીસે જણાવ્યું હતું કે રેહાન બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલો છે. તેમને એવી પણ માહિતી આપવામાં આવી છે કે તેમને ટૂંક સમયમાં મુંબઈ પોલીસને સોંપવામાં આવશે. મુંબઈ પોલીસે ૧૯ ઓક્ટોબરના રોજ અભિનેતા ટાઇગર શ્રોફ પર થયેલા હુમલાની તપાસમાં એક મોટા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. હુમલાખોરોએ ૧૦ દિવસની રેકી કરી હતી અને સોશિયલ મીડિયા વીડિયોમાંથી માહિતી એકત્રિત કરી હતી.

બડગામમાં રાશન, ધાબળા-પ્રોટીન સપ્લિમેન્ટ્સ મળ્યા

આતંકવાદીઓ શિયાળામાં કોઈ મોટી ઘટનાની યોજના બનાવી રહ્યા હતા



નવીદિલ્હી, તા. ૧૯

જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે, સુરક્ષા દળોએ મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના ખાગ વિસ્તાર શુપ્લિનમાં એક શંકાસ્પદ આતંકવાદી ઠેકાણાને શોધી કાઢીને સંપૂર્ણપણે નાશ કર્યો. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન, સૈનિકોએ શુપ્લિન જંગલોમાં એક ગુફા શોધી કાઢી. ગુફાની સંપૂર્ણ તપાસમાં જાણવા મળ્યું કે આતંકવાદીઓ તેનો ઉપયોગ લાંબા ગાળાના સંગ્રહ માટે કરી રહ્યા હતા.

સુરક્ષા દળોએ આ ઠેકાણામાંથી જરૂરી ઘરગથ્થુ વસ્તુઓ જપ્ત કરી, જે આતંકવાદીઓ દ્વારા લાંબા ગાળાના સંગ્રહ માટે સંગ્રહિત હોવાનું માનવામાં આવે છે. જપ્ત કરાયેલી વસ્તુઓમાં ૫ કિલો ચોખા, ૨ કિલો ડુંગળી, ૧ કિલો ગોળ, ૨ પેકેટ મેગી નૂડલ્સ, ૨ પેકેટ અમૂલ તાજા દૂધ, ૧ પેકેટ મીઠું, ૧ પેકેટ રિફાઈન્ડ તેલ અને ૧ પેકેટ ઇક્લેયર્સ ચોકલેટનો સમાવેશ થાય છે. રસોડાના જરૂરી સામાનમાં એક ગેસ સ્ટોવ, ૫ લિટર પાણીનો જગ, બે વાસણો, બે પ્લેટ અને એક ગ્લાસનો સમાવેશ થાય છે. ઠંડીથી બચાવવા માટે ત્રણ ધાબળા અને એક કાર્પેટ પણ આપવામાં આવ્યું હતું. ગુફામાંથી મળી આવેલી અન્ય આવશ્યક વસ્તુઓમાં પ્રોટીન સપ્લિમેન્ટ્સના બે કેન, તમાકુના બે પેકેટ, બેટરી સેલનું એક પેકેટ અને એક અજાણી બેગ/પેકેટનો સમાવેશ થાય છે.

આ ઠેકાણા પર મોટી માત્રામાં પ્રોટીન સપ્લિમેન્ટ્સ, રાશન અને શિયાળાના કપડાં (ધાબળાઓ) મળી આવવાથી શંકા ઉભી થાય છે કે આતંકવાદીઓ લાંબા સમયથી ત્યાં છુપાયેલા હતા અને કોઈ મોટો હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. સુરક્ષા દળોની સતર્કતાએ તેમની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સમગ્ર ઓપરેશન અને શંકાસ્પદ આતંકવાદી નેટવર્કની તપાસ ચાલુ છે. વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના બડગામમાં એક મોટા ઓપરેશનમાં, સુરક્ષા દળોએ આતંકવાદીઓના કુદરતી ગુફાના છુપાવાનું સ્થળ શોધી કાઢ્યું અને તેને તોડી પાડ્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

રાવણ દહન કરતાં પહેલાં રાવણ વિશે જાણીને આજનાં સમયે એ પાત્રને ન્યાય કરીએ!



શકાદયા સૂરગણાં નિહતે તિર્યં તસ્મિન દુરાત્મનિ સૂરારિ બલે ચ દેવ્યામ, ... નોમનાં પણ યજ્ઞ કાર્ય સંપન્ન થયા. વિશ્વંભરી, જય આદ્યા શક્તિની આરતી, તેમજ આંખડી અધીર મારી આંખડી અધીર.. છેટાં રહોને સૌ છેટાં રહો અંબે બહુચરને રમવા દ્યો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... આ બધું જ હવે નવરાત્રી પૂરી થતાં પુરું! નવ નવ દિવસથી ચાલતું આ ભક્તિ ભાવનું પર્વ કાળીયુગી માનસિકતા પ્રમાણે પૂર્ણ થયું. બહાર તો બધું સરખું કર્યું, પરંતુ અંદર હજી એક બહુ મોટો વિકાર એટલે કે આ અહંકાર રહી ગયો છે, અને એને પણ ખત્મ કરવો પડશે. રાવણને આપણે ત્યાં અહંકારનાં અવતાર તરીકે ઓળખવામાં આવે છે,તો દશેરા એ લંકાપતિ રાવણનાં અહંકાર વિશે વાત કરીશું.

આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવાય છે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતાનું અપહરણ કરે છે, અને લંકામાં લઈ જઈને કેદ કરે છે. ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલનીલ વગેરે જેવા રીંછ વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે. આટલી પ્રાથમિક માહિતી લગભગ દરેક ભારતીયને છે, અને ન્હોય તો હોવી પણ જોઈએ. પણ રાવણ વિશે હજી આપણે ઓછું જાણીએ છીએ! એક તો રાક્ષસ કુળ હોવું એ ખરાબ નહોતું! કારણકે જળ એ જીવન છે એ મહત્વની વાતને ધ્યાનમાં રાખીને બ્રહ્મા એ જ બે વર્ગ પાડ્યા હતાં કે, જે પાણીનું રક્ષણ કરે એ અપભ્રંશ થતાં રાક્ષસ અને જે એનું યક્ષાશં કરે એ યક્ષ, એમ બે જ શ્રેણી ત્યારે ઉપસ્થિત હતી! અને આમ પણ રાવણ મૂળમાં બ્રહ્માના પુત્ર પુલસ્ત્યનાં વંશજ તરીકે આવતા વિશ્વશ્રવા કૈકસીનો પુત્ર છે, અને એટલે જ એ ઋષિય ગુણ પણ ધરાવે છે. રાવણ બહુ મોટાં શિવ ભક્ત હતાં! આ ઉપરાંત એ વિવેચક અને વિચારક પણ હતાં, એમણે સમાજ ઉપયોગી ત્રણ પુસ્તક પણ લખ્યા છે. રાવણ સંહિતા, કુમાર તંત્ર અને દત્તાત્રય ! હકીકતમાં એ તંત્ર માર્ગીય સાધના દર્શાવે છે! પરંતુ રાવણ સંહિતામાં ઔષધ અને આર્યુવેદ વિશે પણ મહત્વની ભૂમિકા રચી છે! એમણે કહ્યું કે યોદ્ધાને ઔષધિ તેમજ આયુર્વેદનું જ્ઞાન હોવું જરૂરી છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે કે એના તંત્ર માર્ગમાં પણ ક્યાંય બલિ, રક્ત કે અન્ય જીવીત પ્રાણી કે માંસની વાતનો ઉલ્લેખ નથી! અને દરેક મંત્રમાં સરસ્વતીનો ઉલ્લેખ છે, અને એટલે જ તાંડવ સ્તોત્ર જેવી સંસ્કૃત વાણી નીકળી.

અત્યારે કળિયુગ એની અસીમતા વટાવતો જાય છે. સમાજની બેન દીકરીઓની ઈચ્છત સરેઆમ ઉછળે છે, અને છતાં આરોપી આઝાદ ફરે છે. એટલે એવું લાગે કે આપણે આ દશેરાનો તહેવાર ઉજવીને રાવણને દંડ કરી રહ્યા છીએ! સમય બદલાય એમ સંદર્ભ પણ બદલાય, એટલે એ રીતે રાવણ આપણને ઘણો સક્રન લાગે, કારણ કે એણે લંકામાં લઈ જવા છતાં સીતાજીનો સ્પર્શ પણ કર્યો નથી. આ ઉપરાંત યુદ્ધમાં પણ ક્યાંય અનીતિ થઈ હોય એવું નોંધાયું નથી, રાવણનાં પુત્ર ઇન્દ્રજીતે વિજય માટે યજ્ઞ કર્યો હતો, એવી વાત નોંધાઈ છે, પણ રાવણે પોતાની જીત માટે કંઈ કર્યું હોય એવું નોંધાયું નથી. એટલે કે મંત્ર તંત્રનો પ્રયોગ તેણે કર્યો નહોતો! કારણ કે એ જાણતો હતો કે, પોતે આ ખોટું કરી રહ્યો છે, પણ એને પ્રભુ શ્રીરામના હાથે મૃત્યુ જોઈતું હતું, એટલે તેણે ખેલ નાખ્યો એવો પણ અર્થ કાઢી શકાય, કે તુલસીદાસજી લખ્યું તેમ રાવણ પણ અવતાર હતો.

કાળ ગણના પ્રમાણે અત્યારે દાનવ શ્રેણી દેખીતી રીતે લુપ્ત થઈ ગઈ છે, એટલે કે એક કરતાં વધુ મસ્તક હોવા, માથે શિંગડા, લાંબા હાથ, લાંબા નખ,જેવો વિકૃત ચહેરો અને બીજું પણ કેટલુંય એવું બધું દેખાવની રીતે જોવાં મળતું નથી. વિજ્ઞાનની રીતે કહીએ તો ઉત્ક્રાંતિવાદને કારણે આજે મનુષ્યનું એકદમ સુંદર સ્વચ્છ અને શિક્ષિત સ્વરૂપ આપણને મળી ગયું છે, પણ એમાં ધીરે ધીરે સંસ્કૃતિના સંસ્કારનું જે ભૂષણ હતું, એ લુપ્ત થતું જાય છે, અને એને કારણે ક્યાંક ક્યાંક આજનો માનવી રાવણ કરતા પણ વધુ વિકૃત છે, એ આપણે સૌ જાણીએ છીએ. આંતરિક રીતે પ્રવેશી ગયેલી વિકૃતિનું નિવારણ એમ એટલું સહેલું પણ નથી.

નવ દિવસથી મા જગતજનની જગદંબાની આરાધના કરી રહ્યા છીએ, એ સર્વોપરી શક્તિ આગળ ત્રિદેવ નત મસ્તક થઈ પોતાના કાર્ય માટે વિનંતી કરે છે. તો પ્રશ્ન એ થાય કે જ્યારે અવતાર તરીકે ઈશ્વરે જન્મ લીધો, ત્યારે નારી શક્તિનું મહાત્મ્ય જેટલું થવું જોઈએ એટલું થયું ખરું! ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોય છે, એટલે એ જે કરે તે અવતાર લીલા કહેવાય! પરંતુ એક જીવ તરીકે એને મુલાવવામાં આવે તો એમાં પણ ત્રૂટી હતી. માતા સીતા જ નહીં, કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મિલા, માંડવી, શ્રુતિકીર્તિ! બધાંએ વગર કારણે દંડ ભોગવ્યો. દ્વાપરયુગની વાત કરીએ તો, પણ કુંતી, માદ્રી, દ્રોપદી, ઉત્તરા, ગાંધારી, અને બધા જ! શું કૌરવોની પત્નીઓ દ્રૌપદીનું ચીર હરણ ઇચ્છતી હતી?; પણ કેમ સૌ મૌન રહ્યા? એ રીતે જોઈએ તો આજનો કાળ ઘણો ઉત્તમ લાગે, કારણ કે સમાજના ૨૦% કે ૨૫% ને બાદ કરતાં, બાકીનાં પુરુષો નારી શક્તિનું અનુમોદન કરી રહ્યાં છે, અને તેની ઈચ્છાઓને માન પણ આપી રહ્યા છે, તેને ઉડવા માટે આકાશ પણ આપ્યું છે, અને ઘર ગૃહસ્થિની જંજાળમાંથી થોડી મુક્ત પણ કરી છે.

ચૈત્ર સુદ નોમના દિવસે એટલે કે ચૈત્ર નવરાત્રની શક્તિની ઉપાસનાના અંતિમ દિવસે સત્યનો જન્મ થાય છે, અને આસો સુદ દશેરાએ એ રામ રાવણનો વધ કરે છે, એટલે કે અનીતિ રુપે અસત્યનો વધ થાય છે. ત્રેતા કાળ વીતી ગયાને આજે ઘણો સમય થઈ ગયો, એ પછી આખાં યુગનો એટલે કે દ્વાપર યુગનો પણ અસ્ત થઈ ગયો. રાવણનો વધ કરવો, એટલે એનું આજનાં સમયમાં ચિંતન કરીએ તો, આજે રાવણ બહાર નથી. દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે. સમયે સમયે એક પાત્ર બીજા પાત્ર પર હાવી થાય છે, અને કર્મ કે કાર્ય કરાવી જાય છે. રાવણ પર રામ તત્વ હાવી થાય, ત્યારે ધર્મ કર્મ કે સુકર્મ થાય, અને રામપર રાવણ તત્વ હાવી થાય ત્યારે અધમ કૃત્ય થાય. શક્તિની નવ નવ દિવસની ઉપાસના કરી, અને જો આપણને ભીતર રાવણ ન દેખાય તો, આપણી આ ઉપાસના નિષ્ફળ રહી છે, તેવું કહી શકાય. આત્મ વિશ્લેષણને અંતે રામ રાવણ બંને તત્વતઃ અવતાર જ છે. જો એ સ્ત્રી શક્તિ કે અસ્મિતાનું રક્ષણ કરનાર હતો, એટલે સામે જ મૃત્યુ ઉભું છે, એ ખબર હોવાં છતાં પણ પોતાનાં નિર્ણયમાં કોઈ ફેરફાર તેણે કર્યો નહીં. કારણ કે અંતે તો રાવણ પણ અવતાર હતો, અને લીલા માત્ર કરી રહ્યો હતો. સમાજને શીખ દેવા માટે અવતારો આ રીતે લીલા કરતાં,આપણે સૌ રામ અને રાવણ બંને પાત્રોમાંથી શીખ ગ્રહણ કરી, અને આગળનું જીવન પૂર્ણ કરીએ, તથા મા ભગવતીની અનંતને અખંડ સાધનાનો સંકલ્પ જગદંબા પૂરો કરવા અવશ્ય શક્તિ પ્રદાન કરશે.જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

સપનાના વાવેતર કરાય પણ વાલીડાવ ગાંજાના વાવેતર તો નો જ કરાય

ડોસાએ વાવેલો સવા પાંચ લાખનો ગાંજો જપ્ત

અન્ય એક ઓનલાઇ ફ્રોડની ઘટનામાં પોસ્ટ ઓફિસના ક્લાર્કના ખાતાઓમાંથી ઉપડી ગયા પોણા ચાર લાખ રૂપિયા

રૂરલ એસઓજીએ કરમાળ કોટડાની સીમમાં પાડ્યો દરોડોઃ બીજી તરફ રાજકોટઃ શહેર અને જીલ્લામાં અવાર-નવાર માદક પદાર્થ ગાંજાના વાવેતર પકડાતા રહે છે. અગાઉ રાજકોટ શહેર આજીડેમ પોલીસે આવુ એક વાવેતર પકડ્યું હતું. એ પછી કુવાડવા પોલીસે પણ ગાંજાનું વાવેતર કરનાર વૃધ્ધને પકડી લીધા હતાં. દરમિયાન હવે આટકોટ પોલીસ મથક હેઠળના વિસ્તારમાં ગોંડલ તાલુકાનાં દેતડીયા ગામથી કરમાળ કોટડા ગામ જવાના જુના રસ્તે આવેલી વાડીમાં બાતમીના આધારે રાજકોટ ગ્રામ્ય એસઓજીએ બાતમીના આધારે દરોડો પાડી ગાંજાનું વાવેતર પકડી સવા પાંચ લાખના ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો રૂરલ એસઓજીનો સ્ટાફ બે સરકારી અને એક ખાનગી સહિત ત્રણ વાહનોમાં આટકોટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલને બાતી મળી હતી કે કોટડાસાંગાણીના દેતડીયા ગામના સાંઇઠ વર્ષના વૃધ્ધ લાભુ કરશનભાઇ ચાવડાએ કરમાળ કોટડા ગામની સીમમાં આવેલી પોતાની વારસાઇ વાડીમાં ગાંજાનું વાવેતર કરેલું છે. જેને લઇ એસઓજીની ટીમે લાભુ ચાવડાની વાડીમાં દરોડો પાડયો હતો. જયાં હાજર શખ્સની પુછતાછ કરતા તેણે પોતાનું નામ લાભુ ચાવડાએ જણાવ્યું હતું.

પોલીસે વાડીની ઝડપી કરતાં કપાસના વાવેતર વચ્ચે ગાંજોના છોડનું વાવેતર જો વા મળ્યુ હતું છ-છ ફુટના ગાંજાના ૩ છોડ મળી આવ્યા હતા. જે રૂા. ૫.૨૪ લાખની કિંમતનો ૧૦ કિલો ૪૮૫ ગ્રામ હોવાનું ખૂલ્યુ હતું. પોલીસે ગાંજાનો જથ્થો કબ્જે કરી મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે જણાવ્યું કે, આરોપી ગાંજો પીવાનો શોખીન છે. તે પોતાના ઉપયોગ માટે પોતાના ખેતરમાં ઘણા સમયથી એક-બે છોડ વાવતો હતો. પરંતુ એસઓજીએ તેને પકડી લઇ કાર્યવાહી કરી હતી. રાજકોટ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ. એ. પારગી, પીએસઆઇ પી. બી. મિશ્રા, એએસઆઇ ફિરોઝભાઇ બ્લોચ, વિપુલભાઇ ગુજરાતી, ક્રિપાલસિંહ જાડેજા, રૂપાબહાદુર બોદરા, હેડ કો. મયુરભાઇ વિરડા, નૈમીષભાઇ મહેતા, ચંદુભાઇ પલાળીયા, પીયુષભાઇ અઘેરા, કોન્સ. રણજીતભાઇ ધાધલ, પૃથ્વીરાજસિંહ ડોડીયા, અને ડ્રા. હેડકોન્સ. નરશીભાઇ બાવળીયા સહિતની ટીમે આ કામગીરી હતી.





બીજા એક બનાવમાં શાપર-વેરાવળમાં બે માસ પુર્વે પકડાયેલ નકલી જંતુનાશક દવા મામલે રાજકોટના બે કારખાનેદાર સામે પોલીસમાં ફરીયાદ થઇ હતી. વિગતો જોઇએ તો શાપર-વેરાવળમાં કોરાટ સ્કુલ સામેની બાજુ તીર્થ બાયોટેક ઇન્ડસ્ટ્રીઝ કારખાનામાં પ્લોટ નં. ૬ શેડ નંબર ૩ શ્રીજી એસ્ટેટ રૂરલ એલસીબીએ દરોડો પાડી નકલી જંતુનાશક દવા બનાવવાનું કારસ્તાન પકડી પાડી અલગ-અલગ કંપનીની નાની-મોટી સાઇઝની જંતુનાશક શંકાસ્પદ દવાનો જથ્થો બોટલો નંગ ૯૦૪ તેમજ અલગ અલગ કંપનીના સ્ટીકર મળી આવ્યા હતાં.

પોલીસે કુલ રૂા. ૯.૯૧ લાખનો મુદામાલ કબ્જે કરી શંકાસ્પદ જંતુનાશક દવા પૃથ્થકરણ અર્થે એફએસએલમાં મોકલી આપી હતી. દરમિયાન પોલીસ અને ખેતીવાડી ખાતાએ કબ્જે કરેલ સેમ્પલોમાંથી ૧૬ જંતુનાશક દવાના સેમ્પલો ફેઇલ આવતા મીસ બ્રાન્ડેડ દવાઓનું ગેરકાયદે વેચાણ કરી ખેડુતોની સાથે છેતરપીંડી કરનાર કારખાનેદાર જીતેશભાઇ મનસુખભાઇ વઘાસીયા તથા અશ્વીન લાલજીભાઇ સાવલીયા રે. હાલ રાજકોટ વાવડી ગામ આકાર હાઇટસ ફલેટ નંબર સી ૨૦૩ અને તપાસમાં ખુલે તે તમામ સામે પોલીસે ખુદ ફરીયાદી બની શાપર-વેરાવળ પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરાવ્યો હતો.

ત્રીજી ઘટના જોઇએ તો ઓનલાઇન ઠગાઇનો વધુ એક બનાવ સામે આવ્યો હતો. જેમાં ગોંડલ બસ સ્ટેન્ડ ખાતે પોસ્ટ ઓફિસના ક્લાર્ક સાથે રૂ. ૩.૮૮ લાખથી વધુની ઓનલાઇન છેતરપિંડીનો વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ક્લાર્કના મોબાઇલમાં કોઇપણ એપ્લિકેશન કે લિંક ઓપન કર્યા વગર જ ઓટીપી અને ફોન પેની લિંક્સ અજાણ્યા નંબરો પર આપોઆપ શેર થઈ ગઇ હતી. જે બાદ સાયબર ઠગોએ બેંક એકાઉન્ટ ખાલી કરી દીધું નાંખ્યું હતુ.આ મામલે ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, મૂળ બોટાદના અને હાલ ગોંડલના મોહનનગરમાં રહેતા જીતેન્દ્ર વાઘેલા ગોંડલ પોસ્ટ ઓફિસમાં ક્લાર્ક તરીકે નોકરી કરે છે.

તેઓ અમદાવાદના નેહરૂનગર બસ સ્ટેન્ડથી ગોંડલ આવવા નીકળ્યા હતા. આ દરમિયાન તેમના મોબાઈલ નંબર પર મોબીક્વીક, આધારકાર્ડ અને ફોન પેમાંથી અલગ-અલગ ઓટીપી આવવા લાગ્યા હતા. જો કે તેમણે કોઈ લિંક ઓપન નહતી અને કોઈને ઓટીપી આપ્યો નહોતો. આમ છતાં મોબીક્વીકના ઓટીપી અને ફોન પે ની લિંક્સ અજાણ્યા સાયબર ઠગોના વિવિધ મોબાઈલ નંબરો પર આપોઆપ શેર થઈ ગયા હતા. શરૂઆતમાં બેંક ખાતામાંથી નાણાં ઉપડ્યા નહોતા, પરંતુ જ્યારે જીતેન્દ્રભાઈ ગોંડલ બસ સ્ટેન્ડ ખાતે હતા, ત્યારે તેમના કેનારા બેંકના ખાતામાંથી અચાનક રૂા. ૩,૫૮,૦૮૩ ઉપડી ગયા હતા.

આ પછી થોડી જ વારમાં રૂા. ૧૦,૦૦૦ના ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન થઈને કુલ રૂ. ૩,૮૮,૦૮૩ ની રકમ ઉપડી ગઈ હતી. ગભરાઈ ગયેલા ફરિયાદીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. સાયબર હેલ્પલાઈન પર અરજી કર્યા બાદ ગઈકાલે તા. ૧૬ ઓક્ટોબરના રોજ ગોંડલ બી-ડિવિઝન પોલીસે ફરિયાદીની રૂબરૂ પૂછપરછ કરી કાયદેસરની એફઆઈઆર નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સાયબર ફ્રોડમાં વપરાયેલા ૧૦થી વધુ શંકાસ્પદ મોબાઈલ નંબરના ધારકો અને બેંક એકાઉન્ટ ધારકો સામે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આ મામલાની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જે. બી.ચૌહાણે હાથ ધરી હતી.

પરિણીતાને ફસાવી દેહ પીંખ્યો રોકડા, લાખોના દાગીના પડાવ્યા

રાજકોટનો બનાવઃ મહિલાએ પોતાના દાગીના-રોકડ પાછા માંગતા મનોજે લાફા મારી લીધા : યુનિવર્સિટી પોલીસે ટેક્સીચાલક મનોજ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી

રાજકોટ તા. ૧૯

લેભાગુઓ અવાર-નવાર કોઇને કોઇ યુવીત છાત્રા સગીરા કે પછી પરિણીતાને મોહજાળમાં ફસાવી તેની જિંદગી બગાડી નાખતા હોવાના બનાવો બનતા રહે છે. આવી વધુ એક એફઆઇઆર રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટશનમાં દાખલ થઇ છે. જેમાં એક સંતાનની માતા એવી પરિણીતાને ટેક્સી ચાલકે પ્રેમજાળમાં ફસાવી તેની સાથે શરીર સંબંધો બાંધી લીધા હતાં. આ ઉપરાંત તેણીને ભોળવીને ચાર લાખની રોકડ અને લાખોના દાગીના પડાવી લીધા હતાં. છેલ્લે તેણે આ પરિણીતાને મારકુટ પણ કરી લીધી હતી. અંતે તેણીએ પોલીસની મદદ લેવાનું નક્કી કરી એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ દઇ તેની સાથે દેહસંબંધ બાંધી લઇ તેણીના દાગીના, રોકડા મળી લાખોની માલમત્તા પડાવી લેતાં અને પરિણીતાએ પોતાના રૂપિયા



દાગીના પાછા માંગતા આ શખ્સે તેણીને ગાલ પર લાફા મારી ગાળો દેતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. પરિણીતા આરોપી શખ્સની ટેક્સીમાં આવ-જા કરતી હોઇ બે વર્ષ પહેલા ઓળખાણ થયા બાદ આ શખ્સે તેણીને ફસાવી હતી અને શોષણ કર્યુ હોવાનો આરોપ મુકાયો હોઇ પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદ પરથી મનોજ જગદીશભાઇ નિમાવત નામના શખ્સ વિરૂધ્ધ બીએનએસની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

આ બનાવમાં ભોગ બનનાર મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષના ગાળામાં આરોપી મનોજે પરિચય કેળવી લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધી લીધા હતાં. તેમજ અલગ અલગ બહાના કરી તેણીની પાસે રહેલા રૂા. ૪ લાખ રોકડા લઇ ગયો હતો. આ ઉપરાંત સોનાના દગીના જેમાં રજવાડી સેટ, નાનો સેટ, ચાર બંગડી, વીંટી, બુટી, મંગલસુત્ર સહિતના દાગીના પોતાને લોન લેવી છે તેમ કહી લઇ ગયા બાદ પાછા આપ્યા નહોતાં અને વિશ્વાસઘાત કર્યો હતો. આ દરમિયાન ગઇકાલે રવિવારે રા મહિલાએ પોતાના રૂપિયા દાગીના પાછા માંગતા મનોજે રાતે એકાદ વાગ્યે ઘરે આવી ઝઘડો કરી મહિલાને લાફા મારી લીધા હતાં અને ભુંડી ગાળો દીધી હતી.

અંતે તેણીએ યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસ ઇન્સપેકટર કે. કે. ગોહિલની રાહબરીમાં પીએસઆઇ આઇ. એ. બેલીમે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ભોગ બનનાર મહિલાને એક સંતાન છે અને હાલ તેણી પતિથી અલગ રહે છે, જો કે છુટાછેડા થયા નથી. તેણી અગાઉ જુનાગઢ નોકરી કરતી હોઇ આરોપી મનોજની ટેક્સીમાં આવ-જા કરતી હોઇ બે વર્ષ પહેલા બંને વચ્ચે ઓળખાણ થઇ હતી. આ પછી તેણી પતિથી અલગ સંતાન સાથે રહેતી હોઇ આરોપી મનોજ સાથે રીલેશનશીપ શરૂ થઇ હતી. મનોજે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી અને શારીરિક શોષણ કરવાની સાથે સાથે આર્થિક શોષણ પણ કર્યુ હતું. આ ઉપરાંત મહિલાને મારકુટ કરતાં અંતે તેણીએ

નહિ જેવી વાતે એક હત્યા, મિલ્કતના ડખ્ખામાં બબ્બે લોથ ઢળી

ગુટખાના ૫ રૂપિયા માટે યુવાનની હત્યા

ફૂટપાથ પર મળેલી લાશનો ભેદ પોલીસે સો કેમેરા ચેક કરીને ઉકેલ્યોઃ બીજી તરફ મિલ્કત મામલે મોટા ભાઈએ નાના ભાઈ અને માતાને છરીના ઘા ઝીંક્યા

રાજકોટ તા. ૧૯

નાની નાની વાતે હત્યા થઈ જતી હોવાના કિસ્સા રોજબરોજ બની રહ્યા છે. વધુ એક આવી ઘટના બની હતી. જેમાં ફૂટપાથ પર સુતેલા યુવાને માથામાં પથ્થર ફટકારી માથું છુંદી નાંખી ક્રુર હત્યા કરવામાં આવી હતી. માત્ર પાંચ રૂપિયાના ગુટખાના પૈસા મામલે થયેલી બબાલ હત્યા સુધી પહોંચી હતી. પોલીસે આ હત્યાનો ભેદ ઉકેલી હત્યારાને દબોચી લીધો હતો. સો જેટલા સીસીટીવી કેમેરા ચેક કરી ત્રણસો લોકોની પુછતાછ કરી પોલીસ હત્યારા સુધી પહોંચી હતી. બીજી ઘટનામાં મિલ્કતના ડખ્ખામાં નાના ભાઈએ મોટા ભાઈ અને માતાને પતાવી દઈ ડબલ મર્ડર કરી નાંખ્યા હતાં.

પ્રથમ બનાવની વિગતો જોઈએ તો સુરતના ઔદ્યોગિક વિસ્તાર સચિન જીઆઈડીસીમાં ફૂટપાથ પર રહેતા અને છૂટક મજૂરી કરતા શ્રમિક યુવકની સામાન્ય બાબતમાં થયેલી તકરાર બાદ સિમેન્ટ-કોંક્રિટના પથ્થર વડે માથું છુંદીને હત્યા કરાયાની ચકચારી ઘટના સામે આવી છે. શરૂઆતમાં આ બનાવ અકસ્માત મોત તરીકે નોંધાયો હતો, પરંતુ સચિન જીઆઈડીસી પોલીસની બાજ નજર અને ડાણપૂર્વકની તપાસ બાદ હત્યાનો પર્દાફાશ થયો હતો. પોલીસે સો સીસીટીવી કેમેરા ચેક કરી ત્રણસો લોકોની પૂછપરછ બાદ આરોપી મંગલુ ઉર્ફે મંગલ-સાદ ઉર્ફે પંડિત અવસ્થીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પ્રાથમિક પૂછપરછમાં માત્ર પાંચ રૂપિયાની રાજશ્રી ગુટખાની પડીકીના રૂપિયા બાબતે થયેલા ઝઘડાની અદાવતમાં આ ઘાતકી હત્યા થઈ હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે સચિન જીઆઈડીસી શિવનગર રોડ પર આવેલી બરફ ફેક્ટરી અને ચીંદીના ગોડાઉન સામે કાચા રસ્તાવાળા ફૂટપાથ પર તાડપત્રી પાથરીને મજૂરો રાત્રિવાસો કરતા હતા. સવારે સ્થાનિક લોકોને શિવકુમાર રામસ્વરૂપ યાદવ લોહીલુહાણ હાલતમાં પથારી પર ઘા મોઢે પડેલો જોવા મળ્યો હતો. તેના ડાબા કાન અને માથાના ભાગે જીવલેણ ઈજાઓ હતી અને નજીકમાંથી લોહીના ડાઘવાળો ફેન્સિંગમાં વપરાતો સિમેન્ટ-કોંક્રિટનો ટુકડો પણ મળી આવ્યો હતો. શરૂઆતમાં સચિન જી.આઈ.ડી.સી. પોલીસે આ બનાવમાં અકસ્માત મોતનો ગુનો નોંધી ડેડબોડીને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. પોસ્ટમોર્ટમ કરનાર નિષ્ણાત તબીબોએ અભિ-ાય આપ્યો હતો કે શિવકુમારનું મોત સામાન્ય પડી જવાથી નહીં.પરંતુ કોઈ બોથડ કે ભારે પથ્થર વડે માથામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડવાના કારણે થયું છે.

આ રિપોર્ટ બાદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને તાત્કાલિક હત્યાના એંગલથી તપાસ આગળ ધપાવી હતી.



સચિન જી.આઈ.ડી.સી. પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની આસપાસના ૧૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. આ ઉપરાંત, આસપાસના સ્થાનિકો, રાહદારીઓ અને ફેરિયાઓ સહિત ૩૦૦થી વધુ લોકોની ડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી હતી. ક્રાઈમ સીન મેનેજર, એફ.એસ.એલ. અધિકારીઓ અને ડોગ સ્કવોડની મદદથી સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને ઘટનાનો નજરે જોનાર પ્રત્યક્ષદર્શી સાક્ષી દીપચંદ ઉર્ફે અનિલ બૈધનારાયણ મોયા મળી આવ્યો હતો. તેણે ઘટસ્ફોટ કર્યો હતો કે શિવકુમાર યાદવ અને તેની સાથે જ ફૂટપાથ પર રહેતો મંગલુ ઉર્ફે મંગલપ્રસાદ ઉર્ફે પંડિત રામકરણ અવસ્થી બંને સાથે રહેતા અને સૂતા હતા.

આ પછી રાતે બારથી એક વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. ત્યારબાદ શિવકુમાર સૂઈ ગયો ત્યારે આરોપી મંગલુ પંડિતે આવેશમાં આવી જઈ ત્યાં પડેલો ભારે સિમેન્ટનો બ્લોક ચકી તેના માથામાં ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા અને તેનું માથું પથ્થર પર પછાડી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં મૃતકના મોટાભાઈ રામાયણ રામસ્વરૂપ યાદવે મધ્યપ્રદેશથી સુરત આવી સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં હત્યા અંગે ગુનો નોંધાવ્યો હતો. ગુનો દાખલ થતાં જ બાતમીના આધારે આરોપી મંગલુ ઉર્ફે પંડિત અવસ્થીને સુરત છોડીને ભાગે તે પહેલાં જ ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ કસ્ટડીમાં આરોપી મંગલુ ઉર્ફે પંડિતની આકરી પૂછપરછ કરવામાં આવતા તેણે ગુનો કબૂલી લીધો હતો. તેણે જણાવ્યું કે, શિવકુમાર સાથે માત્ર પાંચ રૂપિયાની રાજશ્રી ગુટખાની પડીકીના રૂપિયાની લેતી-દેતી બાબતે છેલ્લા કેટલાક દિવસથી બોલાચાલી અને ઝઘડો ચાલતો હતો. બનાવની રાત્રે પણ આ જ બાબતે બંને વચ્ચે માથાકુટ થતાં તેણે શિવકુમારને ભરઉંઘમાં જ મારી નાંખ્યો હતો.

હત્યાની બીજી ઘટનામાં બબ્બે લોથ ઢળી હતી. સુરત શહેરમાં ડબલ મર્ડર થયા હતાં. લીંબાયતમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં મિલકતની વહેંચણી અને દુકાનોની ભાડાની આવકને લઈને ચાલતી તકરારમાં મોટા પુત્રએ માતા અને નાના ભાઈને ચપ્પુથી મોતને ઘાટ ઉતારી દીધા છે. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૂળ તેલંગાણાના વતની અને સુરતમાં સ્થાયી થયેલા તેલુગુ પરિવારના મૃતક મલેશ્વરીબેન સુદર્શન ગોડુરુને ત્રણ પુત્ર, શ્રીનિવાસ, રમેશ અને રાજુ છે. મલેશ્વરીબેન તેમના સૌથી નાના દીકરા રાજુ સાથે રહેતા હતા. મલેશ્વરીબેનના નામે ત્રણ દુકાનો છે, જેનું અંદાજે ૬૦,૦૦૦ જેટલું માસિક ભાડું નિયમિત આવે છે.

માતા નાના પુત્ર રાજુ સાથે રહેતી હોવાથી આ તમામ ભાડાની રકમ રાજુને આપતી હતી. આ વાતને લઈને મોટો પુત્ર શ્રીનિવાસ અવારનવાર નારાજગી વ્યક્ત કરતો હતો અને મિલકત તેમજ આવકની વહેંચણી કરવાની જીદ પકડીને બેઠો હતો. આ અંગે ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, સહજાનંદ સોસાયટી પાસે એક માતા અને તેમના ત્રણ દીકરાઓ સાથે અહીંયા રહેતા હતા. મિલકતના ભાગ પાડવા બાબતે આ લોકોને ત્રણેય ભાઈઓ અને એના મધરને મનદુઃખ હતું. મૂળ એ લોકોના વારસાઈ અને ભાગ લેવા બાબતનો ઝઘડો છે એવું અત્યારે -થમિક દ્રષ્ટિએ અમારે સામે આવ્યું હતું.

આ કિસ્સામાં થોડા સમય અગાઉ પણ માતા મલેશ્વરીબેને મોટા દીકરા શ્રીનિવાસને સ્પષ્ટ કહી દીધું હતું કે, જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી આ મિલકત કે ભાડાની કોઈ વહેંચણી કરવામાં નહીં આવે. માતાના આ નિર્ણયથી શ્રીનિવાસ મનોમન ભારે રોષે ભરાયો હતો અને નાના ભાઈ પ્રત્યે તેના મનમાં અદાવત વધી ગઈ હતી. આ વિવાદે આજે સવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને શ્રીનિવાસ લીંબાયત સ્થિત સહજાનંદ સોસાયટીના ઘરે પહોંચ્યો હતો. ત્યાં પહોંચતાં જ ફરી એકવાર મિલકત બાબતે બોલાચાલી થઈ હતી. તકરાર એટલી હદે વધી ગઈ કે આવેશમાં આવેલા શ્રીનિવાસે ચપ્પુ કાઢી નાના ભાઈ રાજુ અને માતા મલેશ્વરીબેન પર ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં બંને જમીન પર ઢળી પડ્યા હતા અને ગંભીર ઈજાઓને પગલે બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે તેની ધરપકડની તજવીજ કરી હતી.

બે અલગ અલગ ઘટનાઓમાં બે પરિવારોના માળા થઇ ગયા વેરણ છેરણ

કારખાનેદાર યુવાન-મહિલાના અકસ્માતમાં મોત

શાપર પાસે એક્ટીવા સ્લીપ થતાં રેલનગરના કારખાનેદાર યુવાનનું અને ધોરાજીમાં રિક્ષામાંથી પટકાઇ જતાં મહિલાનું મૃત્યુ થયુંઃ બંનેના પરિવારજનોમાં કલ્પાંતઃ યુવાન માતા-પિતાનો એકનો એક દિકરો હતો

રાજકોટ તા. ૧૯

વાહન અકસ્માતનની બે અલગ અલગ ઘટનાઓમાં બે પરિવારે પોતાના સ્વજન ગુમાવી દીધા હતાં. શાપર નજીક એક્ટીવા સ્લીપ થઇ જતાં રાજકોટ રેલનગરના કારખાનેદાર યુવાનનો જીવ ગયો હતો. તો ધોરાજીમાં રિક્ષામાંથી પડી જતાં એક મહિલાનું મોત થયું હતું. આ મહિલા પોતાના ભત્રીજાની દિકરીને સારવાર માટે દવાખાને લઇ જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. બંને ઘટનામાં સારવાર દરમિયાન યુવાન અને મહિલાએ રાજકોટમાં દમ તોડી દેતાં સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટોમર્ટમ કરવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ બનાવમાં શાપરના પાટીયા પાસે એક્ટીવાની ઠોકરે એક મહિલા ચડી ગયા બાદ એક્ટીવા ફંગોળાઇ જતાં તેના ચાલક રાજકોટના રેલનગરમાં રહેતાંરર૭ વર્ષના યુવાનને ગંભીર ઇજા થતાં તેનું મોત થયું છે. આ યુવાન શાપરમાં કારખાનુ ચલાવતો હતો. ત્યાંથી પરત આવતી વખતે બનાવ બન્યો હતો. વધુ માહિતી અનુસાર રેલનગર ઉત્સવ સ્ટાર રેસીડેન્સીમાં રહેતો મોહિતભાઇ દિલીપભાઇ વાસાણી નામના સત્યાવીસ વર્ષના પ્રાજપતિ યુવાન ગત દસમી તારીખે સાંજે પોતાનું એક્ટીવા હંકારી શાપરથી રાજકોટ ઘરે આવવા નીકળ્યો ત્યારે શાપર પાટીયા નજીક પૂલ પાસે અકસ્માત નડ્યો હતો.

એક્ટીવા આડે અચાનક મહિલા આડે આવી જતાં તે ઠોકરે ચડી ગયા હતાં. બાદમાં મોહિતભાઇ એક્ટીવા સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે દાખલ કરાયેલ. તેનું સારવારમાં મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. શાપર પોલીસને રાજકોટની ખાનગી હોસ્પિટલ મારફત જાણ થતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર મોહિતભાઇ માતા-પિતાના એકના એક પુત્ર હતાં. તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. પોતે શાપરમાં કારખાનુ ચલાવતો હતાં. તેના પિતા જોબવર્ક કરે છે. યુવાન અને આધાર સ્તંભ દિકરાના મૃત્યુથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી ઘટના જોઇએ તો ધોરાજીમાં રિક્ષા પલ્ટી મારી જતાં તેમાં બેઠેલા ધોરાજી ફાટક નજીક જુનાગઢ રોડ પર રહેતાં મુળ બિહારના મહિલાનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. મહિલાના ભત્રીજાની બે વર્ષની દિકરીને નાકમાં કંઇક ફસાઇ ગયું હોઇ તેણીને દવાખાને લઇ જતી વખતે અકસ્માત નડ્યો હતો. વિશેખ માહિતી અનુસારધોરાજીમાં ફાટક પાસે રહેતાં ચાલીસ વર્ષના રીટાદેવી બબનભાઇ પાસવાન નામના મહિલા ગત છઠ્ઠી તારીખના રોજ સાંજે ચારેક વાગ્યે ભત્રીજાની દિકરી બે વર્ષની ઝૂલીને રમતાં રમતાં નાકમાં કંઇક ફસાઇ જતાં તેણીને દવાખાને લઇ જવા રિક્ષામાં બેઠા હતાં. રિક્ષા ધોરાજીમાં ત્રણ દરવાજે પહોંચી ત્યારે અકસ્માત નડતાં પોતે તેમાંથી પડી જતાં ગંભીર ઇજા થઇ હતી.

વધુ માહિતી મુજબ રીટાદેવીની ધોરાજી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધોરાજી સીટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારના પતિ બબનભાઇ કંપનીમાં નોકરી કરે છે. તેણીને સંતાનમાં એક દિકરો છે. આમ વાહન અકસ્માતની બે ઘટનાઓ જીવલેણ નીવડી હતી અને બે અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં પરિવારના માળા વેરણછેરણ થઇ ગયા હતાં.





રસ્તે રઝળતા ઢોર-ખૂંટીયા બની રહ્યા છે જોખમીઃ વધુ એક પરિવારના મોભી છીનવાયા

ખૂંટીયો આડે આવતાં બાઇકચાલક વૃધ્ધનું મોત

બીજી ઘટનામાં ઝુમ્માંથી ચૌદ વર્ષની બાળા ગળાફાં ચુંદડી વીંટાળેલી હાલતમાં મળીઃ હોસ્પિટલમાં મૃતદેહ જ પહોંચ્યોઃ મોતનું કારણ જાણવા પોલીસે કરાવ્યું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ



રાજકોટ, તા. ૧૯

રસ્તા પર રઝળતા ઢોર પશુઓને કારણે અવાર-નવાર વાહનચાલકોને અકસમાત નડે છે. ઘણવાર રાહદારીને પણ આવા ઢોર ખૂંટીયા ઢીંક ચડાવી દઇ ખાટલા ભેગા કરી દે છે અથવા તો મૃત્યુ થાય છે. આવી જ એક ઘટનામાં એક પરિવારના વડલીનો જીવ ગયો છે. તેઓ મોટર સાઇકલ હંકારીને જઇ રહ્યા હતાં ત્યારે ખૂંટીયો આડે આવી જતાં વાહન સહિત ફેંકાઇ જતાં મોત થયું હતું. બીજી એક ઘટનામાં એક ચૌદ વર્ષની બાળા ઝુમ્માંથી ગળામાં દૂપટ્ટો વીંટાળેલી હાલતમાં મળ્યા બાદ મોત થયું હતું. આ મોતની ઘટના પોલીસને શંકાસ્પદ લાગતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. તેણી કાકા-કાકી સાથે રહેતી હતી.

પ્રથમ અકસ્માતની ઘટના જોઇએ તો રસ્તા પર પશુઓ આવી જવાને કારણે અકસ્માતના અવાર-નવાર બનાવ બનતા રહે છે. વધુ એક આવા બનાવમાં એક પરિવારના મોભીનું મૃત્યુ થયું હતું. મોરબીના શકત સનાશાળા શક્તિ પ્લોટમાં રહેતાં બાબુભાઇ ગોકળભાઇ મેરજા નામના અડસઠ વર્ષના વૃધ્ધ સવારે પોતાનું મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે મોરબી મેડીકલ કોલેજથી સનાળા રોડ પર પહોંચતા એકાએક ખુંટીયો આડે આવી જતાં પોતે વાહન સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. બાબુભાઇ મેરજા સિક્યુરીટીમાં નોકરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. સવારે પોતે ઘરેથી વાહન લઇને નીકળ્યા ત્યારે રસ્તામાં આ બનાવ બન્યો હતો. મોરબી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મોરબી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી હતી. વૃધ્ધે રાજકોટમાં સારવારમાં દમ તોડતાં અહિ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ થયું હતું.

બીજી ઘટના જોઇએ તો રાજકોટના શાપર વેરાવળમાં એક ચૌદ વર્ષની બાળાનું શંકાસ્પદ મૃત્યુ થયું હતું. શાપર વેરાવળમાં કાકા-કાકી સાથે રહેતી મુળ યુપીની ૧૪ વર્ષની બાળાની લાશ ગળામાં ચુંદડી વીંટાળેલી હાલતમાં ઝુમ્માંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેણી અહિ કાકા-કાકી સાથે રહેતી હતી. તેણીએ ગળામાં ચુંદડી નાંખી તેના બંને છેડા ખેંચી ગળાફાંસો ખાઇ લઇ આપઘાત કરી લીધાનું કાકાએ કહ્યું હતું. તેમજ ફાંસો ખાધા પહેલા ઝેરી દવા પણ પીધાની શંકા દર્શાવી હતી. જો કે શાપર પોલીસને બનાવ શંકાસ્પદ લાગતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. વધુ વિગત મુજબ શાપરમાં આનંદ ગેઇટમાં ભૂમિ ઇન્ડસ્ટ્રીઝ પાસે રહેતી ચૌદ વર્ષની ખુશ્બુ વિજયકુમાર બીન્દ બપોરે ઝુમ્માંથી બેભાન મળતાં કાકા રાજેન્દ્ર બીન્દે સારવાર માટે શાપર હોસ્પિટલમાં ખસેડી હતી.

પરંતુ તબિબે મૃત જાહેર કરતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ખુશ્બુએ ગળામાં ચુંદડી વિંટાળી બંને છેડા ખેંચીને ગળાફાંસો ખાઇ લીધાનું અને એ પહેલા ઝેરી દવા પણ પીધાનું તેણીના કાકાએ જણાવતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. મૃત્યુ પામનાર ખુશ્બુ બે બહેન અને એક ભાઇમાં નાની હતી. તેના પિતા યુપીમાં છુટક કામ કરે છે. તેના કાકા રાજેન્દ્ર અને કાકી શાપર રહેતાં હોઇ તેને નાની દિકરી હોઇ તેની દેખરેખ માટે તેણી પાંચેક મહિના પહેલા યુપીથી અહિ શાપર આવી હતી.

તેણે આપઘાત કર્યો તો શા માટે કર્યો તેનાથી કાકા-કાકીએ પોતે અજાણ હોવાનું કહ્યું હતું. બે ઝુમ હોઇ તેમાં એકમાં કાકા-કાકી રહેતાં હતાં અને બીજામાં ખુશ્બુ સુતી હતી. બપોરે કાકા બહારથી આવ્યા ત્યારે ખુશ્બુ બેભાન અને ગળામાં ચુંદડી વીંટાળેલી મળી હતી. બનાવની જાણ થતાં પિતા પણ યુપીથી રાતોરાત રવાના થઇ રાજકોટ પહોંચ્યા હતાં. બનાવ શંકાસ્પદ જણાતો હોઇ શાપર પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાજકોટ ખસેડ્યો હતો. આમ બે અલગ અલગ બનાવમાં અપમૃત્યુ થયા હતાં.

જીણી મોટી વાતે એક બીજાના જીવ લઇ લેતાં પણ લોકો અચકાતા નથી

મજાકમાં મામો ગરમ થયો : ભાણેજની હત્યા

મિત્રો સાથે મશ્કરી કરતાં સગીર ભાણાને મામાએ દેકારો નહિ કરવા સમજાવતાં તે મામા સામે થઇગયોઃ મામાએ છરી ઝીંકી ઢાળી દીધો! :હત્યાની અન્ય ઘટનામાં જુના મનદુઃખમાં યુવાનને રહેંસી નંખાયોઃ ત્રણની ધરપકડ

રાજકોટ તા. ૧૯

નહિ જેવી વાતે હત્યા થઇ જવાની ઘટનાઓ રાજ્યભરમાં અવાર-નવાર બનતી રહે છે. આવી જ વધુ એક હત્યાની ઘટના સામે આવી હતી. જેમાં બીજા કોઇ નહિ પણ ઘરના જ ઘાતકી નીકળ્યા હતાં. મજાક મશ્કરીની વાત એવી વણસી ગઇ કે ભાણેજ મામા-મામી ઉપર તૂટી પડ્યો હતો અને મારામારી કરી લીધી હતી. સામે મામો પણ એવો ગરમ થઇ ગયો હતો કે તેણે જરાપણ વિચાર કર્યા વગર ભાણેજને છરી ભોંકી દીધી હતી. મામાનો આ ઘા ભાણેજ માટે જીવલેણ નીવડી ગયો હતો. હત્યાની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી હતી. પોલીસે બંને પક્ષની એફઆઇઆર દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં બની હતી. મજાક-મસ્તી કરવા બાબતે ઠપકો આપવા જેવી સામાન્ય બાબતમાં મામા-ભાણા વચ્ચે સશસ્ત્ર ઘર્ષણ થતાં ખૂની ખેલ ખેલાયો છે. સગીર ભાણાએ મામા, મામી અને અન્ય એક યુવક પર ચપ્પુ વડે હુમલો કર્યા બાદ ઈજાગ્રસ્ત મામાએ ચપ્પુ ઝૂંટવી વળતો ઘા ઝીંકતાં ભાણાનું મોત નીપજ્યું હતું. રામોલ પોલીસે આ બનાવ અંગે બંને પક્ષે ક્રોસ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે વસ્ત્રાલના ઇન્દિરાનગર ટેકરા પાસે દિનેશ દેવીપૂજક અને તેમના પત્નિ પૂજાબેન બેઠા હતા. આ દરમિયાન તેમનો સોળ વર્ષીય સગીર ભાણો મિત્રો સાથે પેડલ રિક્ષામાં બેસી મજાક-મસ્તી કરતો હતો. મામાએ તેને બુમો ન પાડવા ઠપકો આપતાં સગીરે ઉશ્કેરાઇને ચપ્પુ વડે મામાના પેટમાં ઘા ઝીંકી દીધો હતો. વચ્ચે પડેલા મામી પૂજાબેન અને સુનિલ દેવીપૂજક પણ ઈજાગ્રસ્ત થયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા મામા દિનેશભાઈએ સગીરના હાથમાંથી ચપ્પુ ઝૂંટવી લીધું હતું અને ભાણાને કમરના ભાગે ઘા મારતાં તે લોહીલુહાણ થઈને ઢળી પડ્યો હતો.

તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે અસારવા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે સગીરને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પોલીસે હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો. હત્યા અને હત્યાના પ્રયાસની



આ ઘટના બારામાં એસીપીના જણાવ્યા મુજબ સગીર બાળપણથી જ તેના મામા દિનેશભાઈ સાથે રહેતો હતો. માતાએ અન્યત્ર લગ્ન કરી લીધા હોવાથી મામાએ તેનો ઉછેર કર્યો હતો. પણ છેલ્લા ત્રણ મહિનાથી તે અલગ રહેતો હતો. રાત્રે મસ્તી કરવાની ના પાડવા જેવી નાની બાબતમાં સમગ્ર પરિવારમાં કરુણ ઘટના ઘટી હતી.

આ ઘટનામાં સામ સામે ફરિયાદ બાદ રામોલ પોલીસે ઘટનાસ્થળ પંચનામું કરી જરૂરી પુરાવા એકત્ર કર્યા છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ઈજાગ્રસ્તોની પૂછપરછ હાથ ધરીને પોલીસે આગળની કાયદાકીય તપાસ લંબાવી હતી. આમ નહિ જેવી વાતે મામાએ ભાણેજને મોતને ઘાટ ઉતારી દીધો હતો. રાજ્યભરમાં આવી ઘટનાઓ વારવાર બનતી રહે છે. સહનશક્તિનો અભાવ પણ આમાં ક્યાંક ને ક્યાંક જવાબદાર હોય છે.

હત્યાની અન્ય એક ઘટનામાં ભાવનગરના ઘોઘા ગામે પચ્ચીસ વર્ષીય મોઈન શેખની અંગત અદાવતમાં ૩ ઈસમોએ તીક્ષ્ણ હથિયારથી ઘા ઝીંકી હત્યા કરી હતી. બે માસ પૂર્વે ગાડી ચલાવવા બાબતે થયેલી બોલાચાલીની અદાવત રાખી, આરોપીઓએ અચાનક હુમલો કર્યો. ઘોઘા પોલીસે ત્રણેય હત્યારાઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મંગાશે. ઘોઘા ગામના કસ્બાવાડા વિસ્તારમાં રહેતા અને ડ્રાઇવિંગ તેમજ એસી ફિટિંગનું કામ કરતા યુવકની અંગત અદાવતમાં ત્રણ શખ્સે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવી હતી.

આ બનાવના સંદર્ભે ઘોઘા પોલીસે ત્રણેય હત્યારાને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, ઘોઘા ગામના કસ્બાવાડા વિસ્તારમાં રહેતા અને ડ્રાઇવિંગ તેમજ એસી ફિટિંગનું કામ કરતા મોઇનભાઇ મોસીનભાઇ શેખ અને આરોપીઓ વચ્ચે આશરે બે માસ પૂર્વે રોડ પર ગાડી ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. જ તે સમયે આરોપીઓએ મોઇનભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપીને ગાડી ધીમે ચલાવવા બાબતે બોલાચાલી કરી હતી.

આ જૂની અદાવત મનમાં રાખીને ગત રોજ ઘોઘા ગામે આવેલી અસરરૂફા દરગાહ પાસે મોઇનભાઇ બેઠા હતા, ત્યારે અસલમ મહેબુબભાઇ શેખ, સંજય ઉર્ફે લાલો રમેશભાઇ મેકવાન, જુલીયન સંજયભાઇ ઉર્ફે લાલો મેકવાન ધસી આવ્યા હતા.અને મોઇનભાઇ પર અચાનક હુમલો કરી છાતી તથા હાથના ભાગે છરીના અસંખ્ય ડા ઘા ઝીંકી દીધા હતા.ગંભીર રીતે ઘવાયેલા સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઘોઘા પોલીસે યુવકની હત્યા કરનાર ત્રણેય હત્યારાને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ સંદર્ભે ડી વાય એસ પી સિંઘલે જણાવ્યું હતું કે પકડાયેલા ત્રણેય શખ્સને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગ કરવા તજવીજ કરાઇ હતી.

પોલીસની સતત ડ્રાઈવ : ડમડમ થયેલા, છરી સાથે વીસ પકડાયા

દેશી-વિદેશી દારૂ સાથે પણ ત્રણ જણાને પકડીને કાર્યવાહી કરાઇ

રાજકોટ તા. ૧૯

શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે શનીવાર-રવિવાર એમ બે દિવસ દર અઠવાડીયે ખાસ ડ્રાઇય યોજી નશાખોરો, છરી સાથે નીકળનારા અને દારૂ સાથે નીકળનારાઓને પકડી લેવામાં આવે છે. વધુ એક ડ્રાઇવમાં પોલીસે છરી સાથે દસ શખ્સોને, દારૂ પી નીકળેલા દને અને દેશી અગ્રેજી દારૂ સાથે ત્રણને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો એ-ડીવીઝન પોલીસે રામનાથપરા ભવાનીનગર મેઇન રોડ પરથી મોહમદ પરવેજ મોહમદ રાજાને, લોહાનગરમાંથી અમિત ભરતભાઇ ગુજરાતીને, જીલ્લા ગાર્ડન ચોક પાસેથી સમ્રાટ મારો સરદારને, યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતીયાપરામાંથી સુનીલ મહેન્દ્રભાઇ ધામેલીયાને, માલવીયાનગર પોલીસે લક્ષ્મીનગર શાક માર્કેટ પાસેથી સંજય નાનજીભાઇ સાગઠીયાને તાલુકા પોલીસે મવડી બાયપાસ પાસેથી સંજય દિલાભાઇ વાઘેલાને, વાવડી ગામ મેઇન રોડ પરથી અનિલ સંજયભાઇ ધાધલને, બી-ડીવીઝન પોલીસે ભગવતીપરા મેઇન રોડ પરથી સદામ મહમદભાઇ હાલાને, ભકિતનગર પોલીસે જંગલેશ્વર મેઇન



રોડ પર રાધાકૃષ્ણનગરમાંથી રવિ લક્ષ્મણભાઇ દલસાણીયાને અને ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે છોટુનગર નજીકથી નેનસિંહ ગોપાલ ભુલને પકડી લીધો હતો.

આ ઉપરાંત એ-ડીવીઝન પોલીસે રામનાથપરા જુની જેલ પાસેથી મોહમદ સાહજન મોહમદ અલીને, ટાગોર રોડ પર ગોડાઉન ચોક પાસેથી પર્વ નિલેશભાઇ ટાંકને, ભકિતનગર પોલીસે સહકાર રોડ પર ત્રિશુલ ચોક પાસેથી ચંદ્રપાલ રામસેવકને, થોરાળા પોલીસે ચુનારાવાડ પાસેથી જગદીશ કાળુભાઇ બારૈયાને, મયુરનગર મેઇન રોડ પરથી ધર્મેન્દ્ર હેમંતલાલ ધરજીયાને , આજીડેમ પોલીસે સ્વામીપાર્ક મેઇન રોડ પર વિરાજ ચોકથી સાંઇબાબા સર્કલ તરફ જતા રસ્તેથી રીધ્ધીશ રસીકભાઇ સાણંદીયાને, કોઠારીયા ગામ નજીક સનાતન ચોક પાસેથી મહેશ પ્રકાશભાઇ પારગીને, સાંઇબાબા સર્કલ પાસેથી પુનો નાનજીભાઇ વાઘેલાને અને યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતીયાપરામાંથી નિર્મળસિંહ અમરશીભાઇ રાઠોડને પકડી લીધો હતો.

બીજી તરફ દારૂના દરોડાની માહિતી જોઇએ તો બી-ડીવીઝન પોલીસે મોરબી રોડ પર વેલનાથપરામાંથી ગેલા જયંતીભાઇ દલસાણીયાને ૩ લિટર દેશી દારૂ સાથે, કુવાડવા રોડ પોલીસે કુવાડવા જીઆઇડીસીમાંથી દિનેશ વિનુભાઇ જખાણીયાને ૪ લિટર સાથે અને પ્ર.નગર પોલીસે સદરબજારમાંથી ભરત બાબુભાઇ કનોજીયાને બે લિટર સાથે પકડી લીધા હતા. જ્યારે આજીડેમ પોલીસના હેડ કોન્સ. ડી.જી.પાલા અને ભરતભાઇ જોગીયા સહિતે ગોંડલ ચોકડી પાસેથી વિશાલ હર્ષદભાઇ વોરા (રહે માયનેસ્ટ રેસીડેન્સી, જોશીપુરા, જુનાગઢ)ને દારૂના એક ચપલા સાથે પકડી લીધો હતો.

તમારા નામે ખરીદાયેલા સીમ કાર્ડથી પોર્નોગ્રાફી થઇ છે, હેરેસમેન્ટના મેસેજ કર્યા છેઃ સીબીઆઇ નામે ડરાવી નકલી એફઆઇઆર મોકલી

વૃધ્ધ અને દિકરીને ડીજીટલ એરેસ્ટ કરી લાખો પડાવ્યા

સાયબર ગઠીયાઓએ બે તબક્કે ચૌદ લાખ ઉસેડી લીધા પછી કોલ કટ કરી નાંખ્યોઃ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૧૯

સાયબર ગઠીયાઓ એક જ સરખા તુક્કાઓનો વારંવાર ઉપયોગ કરી લોકોને છેતરી રહ્યા છે. આમ છતાં લોકો જાગૃત નથી થઇ રહ્યા અથવા તો સાયબર ગઠીયાઓ એવા એવા લોકોને શોધી શોધીને ફ્રોડનો શિકાર બનાવી રહ્યા છે જે ફ્રોડના તુક્કાઓથી અજાણ છે. વધુ એક વખત ડિજીટલ એરેસ્ટ કરીને લાખો ખંખેરી લેવાયા હતાં. પિતા-પુત્રીને આ વખતે સાયબર ગઠીયાઓએ ફસાવ્યા ડરાવ્યા હતાં. તમારા નામે ખરીદાયેલા સીમ કાર્ડમાં પોર્નોગ્રાફીના વિડીયો છે અને હેરેસમેન્ટના મેસેજ મોકલાઇ રહ્યા છે, તમારી પણ સંડોવણી છે તેમ કહી ગઠીયાઓએ ચૌદ લાખ પડાવી લીધા હતાં. એક્યાસી વર્ષના વૃધ્ધને સાયબર ગઠીયાઓએ ડીજીટલ એરેસ્ટ કર્યા હતાં. સાથે તેમની દિકરીને પણ સામેલ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગરના સરગાસણમાં પિતા પુત્રી સાથે ટેલિકોમ ઓથોરિટી અને સીબીઆઇના અધિકારીઓની ઓળખ આપી સાયબર ઠગોએ મુંબઇથી ખરીદેલા સિમ કાર્ડનો ઉપયોગ પોર્નોગ્રાફી વીડિયો અને હેરેસમેન્ટ મેસેજ મોકલવા થઈ રહ્યો હોવાનો કારસો રચ્યો હતો. બાદમાં પૂછપરછના નામે પાંચ દિવસ સુધી



ઘરમાં જ ડિજિટલ અરેસ્ટ કરી મની લોન્ડરીંગ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૧૪ લાખ પડાવી લેતા ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે સરગાસણ સ્થિત મેઘમલ્હાર રેસિડેન્સીમાં રહેતા અને નિવૃત્ત જીવન વિતાવતા એક્યાસી વર્ષીય અમૃતલાલ પરમારના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો. ફોન કરનારે ટેલિકોમ ઓથોરિટીમાંથી વિજય જશવંત બોલતો હોવાનું જણાવી દાવો કર્યો હતો કે, તેમના નામે મુંબઈથી ખરીદેલા સિમ કાર્ડનો ઉપયોગ પોર્નોગ્રાફી વીડિયો અને હેરેસમેન્ટ મેસેજ મોકલવા થઈ રહ્યો છે. ઉપરાંત કેનેરા બેંકમાં ખોલાવાયેલું એક બેંક ખાતું નરેશ ગોયેલ નામના શખસને ૫ લાખ રૂપિયામાં વેચીને તેમાં બે કરોડના વ્યવહારો કર્યા હોવાનું જણાવી મની લોન્ડરીંગ કેસમાં સંડોવણી હોવાનું રટણ કર્યું હતું. બાદમાં ઠગોએ વ્હોટ્સએપ પર નકલી સીબીઆઇ લેટર, એફઆઇઆર, નરેશ ગોયેલની ધરપકડના ફોટા, ફ્રીઝિંગ ફંડ કંટ્રોલ ઓર્ડર, અરેસ્ટ ઓર્ડર અને સુપ્રીમ કોર્ટનો બનાવટી ઓર્ડર મોકલીને વૃદ્ધને માનસિક રીતે તોડી નાખ્યા હતા.

આ પછી વૃધ્ધે પોતાની દીકરી મીરાને વાત કરી હતી. એટલે મીરાએ પણ સામે વાળી વ્યક્તિ સાથે વાતચીત કરી હતી. પરંતુ સામેથી ગર્ભિત રીતે ધાકધમકી મળતા પિતા-પુત્રી હેબતાઈ ગયા હતા. બાદમાં પોલીસ યુનિફોર્મ પહેરીને વીડિયો કોલ દ્વારા બંનેની કડક પૂછપરછ બહાને ઠગોએ પાંચ દિવસ ડિજિટલ અરેસ્ટ હેઠળ રાખ્યા હતા.આ માયાજાળમા ફસાયેલા વયોવૃદ્ધે વેરિફિકેશનના નામે પોતાના એસબીઆઈ ખાતામાંથી આરટીજીએસ દ્વારા ૯,૦૦,૦૦૦ રૂપિયા બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાં અને બાદમાં ૫,૦૦,૦૦૦ રૂપિયા યસ બેંકના ખાતામાં એમ કુલ ૧૪,૦૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ પડાવ્યા બાદ ઠગોના ફોન બંધ થઈ જતાં સાયબર ફ્રોડ થયાની તેઓને જાણ થતાં હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરવામાં આવી હતી. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઈ હતી. આમ સાયબર ગઠીયાઓ વધુ એક વખત એક વૃધ્ધને અને સાથે સાથે તેમની દિકરીને પણ ડરાવી ધમકાવી ડિજીટલ એરેસ્ટ કરી લાખો રૂપીયા પડાવી ગયા હતાં.

સાયબર ગઠીયાઓ નજર માંડીને જ બેઠા હોય છે, તમે સ્હેજ પણ ચુક્યા એટલે ગયા સમજો

મોટો નફો લેવા જતાં સોળ લાખનો ચાંદલો

સાયબર ગઠીયાઓએ શેરબજારમાં રોકાણના નામે ગ્રુપમાં એડ કરી ઠગાઇ આચરીઃ બીજા બનાવમાં વૃધ્ધને ક્રેડીટ કાર્ડની લિમીટ વધારી આપવાના નામે છેતરી લેવાયા

રાજકોટ તા. ૧૯

રોકાણ પર ટુંકા ગાળામાં નફો આપવાની લાલચ આપી ઠગાઇ કરતાં સાયબર ગઠીયાઓ વધુ એક વખત લાખો ઉસેડી ગયા છે. શેર બજારમાં રોકાણના નામે ખાનગી કંપનીના મેનેજર સાથે તેર લાખની ઠગાઇ થઇ ગઇ હતી. બીજી તરફ ક્રેડીટ કાર્ડની લિમીટ વધારવાના નામે એક વૃધ્ધનો ફોન હેક કરી નાણા પડાવી લેવાયા હતાં.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો વાસણા-ભાયલી રોડ ખાતે રહેતા સતીષકુમાર ચંદ્રભાન સિંઘને અજાણ્યા વોટ્સએપ ગ્રૂપમાં ઉમેરવામાં આવ્યા હતા. ભેજાબાજોએ મોટા પ્રોફટની લાલચ આપી તેમજ બનાવટી સેબી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ બતાવી તેમનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ૨૦.૬૦ લાખ વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવ્યા હતા. વિશ્વાસ જીતવા પત્નીના ખાતામાં ૪.૭૮ લાખનું રિફંડ આપ્યું હતું.બાકીના ૧૫.૮૨ લાખ અટકાવી વધુ રકમની માગણી કરી હતી. જેથી સતીષકુમારે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ડિજિટલ ઇન્વેસ્ટમેન્ટ સ્કેમ અને બચવાના ઉપાયો જોઇએ તો અજાણ્યા વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રૂપમાં આવતી શેરબજારની લિંક પર ભરોસો ન કરવો. અજાણી થર્ડ-પાર્ટી લિંક પરથી અનધિકૃત એપીકે કે ટ્રેડિંગ એપ્લિકેશન ક્યારેય ડાઉનલોડ ન કરવી. શેરબજારના રોકાણ માટે કોઈપણ વ્યક્તિગત કે અન્ય કંપનીના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરવી નહીં. સાયબર ફ્રોડનો ભોગ બનો તો તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ કરવી. શેર બજારમાં રોજ ગેરંટેડ નફો શક્ય નથી, ભોળવાશો નહી, માત્ર સેબી માન્ય અને રજિસ્ટર્ડ બ્રોકર્સ મારફતે જ ડીમેટ અને ટ્રેડિંગ ખાતું ખોલાવો. શેરબજારમાં કોઈ પણ સંજોગોમાં રોજિંદો ગેરંટેડ નફો શક્ય નથી, આવા ચા વળતરના વચનો સંપૂર્ણપણે બનાવટી હોય છે. ડીમેટ ખાતા સાથે સંકળાયેલા બેંક ખાતાનો જ ઉપયોગ કરો, કાયદેસર ટ્રેડિંગમાં નાણાં માત્ર પોતાના નામના બેંક ખાતામાંથી તમારા જ ડીમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર થાય છે.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરા શહેરમાં સાયબર ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. અલ્કાપુરી વિસ્તારમાં રહેતા એક ૬૯



વર્ષીય નિવૃત્ત વૃદ્ધને વોટ્સએપ પર ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપીને એક એપીકે ફાઇલ મોકલવામાં આવી હતી. આ ફાઇલ પર ક્લિક કરતા જ વૃદ્ધનો ફોન હેક થઈ ગયો હતો અને તેમના ખાતામાંથી ૭૫,૬૧૯ ઉપડી ગયા હતા. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. વડોદરાના અલ્કાપુરી વિસ્તારમાં રહેતા ૬૯ વર્ષીય નિવૃત્ત નરેન્દ્રભાઈ રતિલાલ શેઠ પોતાના ઘરે હતા. આ દરમિયાન તેમના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમા ક્રેડીટ કાર્ડ લિમીટ ઇનક્રીઝ નામની એક ફાઇલ હતી. ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની ઓફર માનીને વૃદ્ધે આ અજાણી એપીકે ફાઇલ પર ક્લિક કરી દીધું હતું. ક્લિક કરતાની સાથે જ સાયબર ઠગોએ તેમના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવીને ફોનમાં ઘૂસણખોરી કરી લીધી હતી.

આ પછી ત્રણ ટ્રાન્ઝેક્શનમાં ૭૫ હજારથી વધુની રકમ ઉપડી ફોન હેક થતાં જ નરેન્દ્રભાઈના આરબીએલ ક્રેડિટ કાર્ડમાંથી ઓનલાઇન ટ્રાન્ઝેક્શન થવા લાગ્યા હતા. ઠગોએ પ્રથમ ૨૯,૮૦૨, ત્યારબાદ ૧૬,૦૧૨ અને અંતે ૨૯,૮૦૫ મળીને કુલ ૭૫,૬૧૯ની રકમ ઉપાડી લીધી હતી. પોતાના એકાઉન્ટમાંથી પૈસા કપાયા હોવાનો મેસેજ જોતા જ વૃદ્ધ ચોંકી ઉઠ્યા હતા. તેમણે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક આરબીએલ સહિત પોતાની અન્ય બેંકોના ક્રેડિટ કાર્ડના કસ્ટમર કેરમાં ફોન કરીને તમામ કાર્ડ બ્લોક કરાવી દીધા હતા. આ ઠગાઈ દરમિયાન ગઠિયાઓએ અન્ય એક નંબર પરથી વૃદ્ધને વોટ્સએપ કોલ પણ કર્યો હતો. જોકે, તેમણે તે કોલ રિસીવ કર્યો ન હતો.

આ મામલે તપાસમાં સામે આવ્યું હતું કે, ઠગોએ આ વાયરસવાળીએપીકે ફાઇલની મદદથી ફોનમાં આવતા તમામ ઓટીપી અને અન્ય ટેક્સ્ટ મેસેજ વૃદ્ધની પરવાનગી વગર જ અન્ય નંબર પર ફોરવર્ડ થાય તેવું સેટિંગ કરી દીધું હતું. ડેટા અને ખાતા સુરક્ષિત રાખવા ગભરાયેલા વૃદ્ધે પોતાનો મોબાઈલ ફોન તાત્કાલિક રીસેટ કરી દીધો હતો. આ સમગ્ર છેતરપિંડી અંગે ભોગ બનનાર વૃદ્ધે તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને પોતાની ફરિયાદ નોંધાવી હતી. હાલ વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ખ્બ્દ ફાઇલ મોકલનાર અજાણ્યા શખ્સ, નાણાં જે ખાતામાં ટ્રાન્સફર થયા તે બેંક એકાઉન્ટના ધારક અને આ ઓનલાઈન કૌભાંડમાં સંડોવાયેલી આખી ગેંગને ઝડપી પાડવા માટે ટેકિન્કલ સર્વેલન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

લોકાર્પણની ઉતાવળ, પણ ઉપયોગમાં 'ઢીલ'!

મનપા તંત્રની ઘી કેળાં નીતિ

મનપાના રૂ. ૨ કરોડના પ્રથમ પાર્ટી પ્લોટને તાળાંઃ મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણના બે મહિના પછી પણ પ્રજા માટે બુકિંગ 'ઠન ઠન ગોપાલ'

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા શહેરના પ્રથમ પાર્ટી પ્લોટના લોકાર્પણ બાદ પણ હજુ લોકોને કામમાં ન આવતા 'ઉદઘાટનમાં ઉતાવળ અને ઉપયોગમાં ઢીલ' કરવાની જૂની અને જાણીતી પરંપરા આજે પણ એટલી જ અકબંધ રહી છે. બે મહિના પૂર્વે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ પાર્ટી પ્લોટ સહિતના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. કાલાવડ રોડ પર તાલુકા પોલીસ સ્ટેશન સામેના ભાગે વેસ્ટ ઝોન દ્વારા અંદાજે બે કરોડના ખર્ચે આ પાર્ટી પ્લોટનું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે.

મનપાના જુદા જુદા કોમ્યુનિટી હોલ અગાઉથી જ લોકોને ખૂબ કામ આવે છે અને વાજબી ભાડામાં લોકોના મોટા પ્રસંગો યોજાતા રહે છે, પરંતુ ખાનગી પ્લોટના કમરતોડ ભાડાથી પરેશાન મધ્યમવર્ગીય પરિવારો માટે પાર્ટી પ્લોટ હંમેશાં એક અપ્રાપ્ય સ્વપન સમાન રહ્યા છે. સામાન્ય લોકોની આ જ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને લાંબા સમયથી એવી લોકમાગણી હતી કે મનપા કોમ્યુનિટી હોલની જેમ ખુલ્લા પાર્ટી પ્લોટ પણ બનાવે અને આ જ હેતુસર ગત વખતના બજેટમાં ત્રણેય ઝોનમાં એક-એક પાર્ટી પ્લોટ બનાવવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ જોગવાઈ મુજબ વેસ્ટ ઝોનમાં ઉપરોક્ત સ્થળે આધુનિક પાર્ટી પ્લોટ તૈયાર થઈ ગયો અને તેની ખુશાલીમાં તેનું લોકાર્પણ પણ કરાવી દેવાયું, પરંતુ વાસ્તવિકતા એ છે કે બે મહિના વીતી જવા છતાં હજુ સુધી આ પાર્ટી પ્લોટ એક પણ નાગરિકના ઉપયોગમાં આવી શક્યો નથી.



શરૂઆતમાં આ સ્થિતિ સર્જાવાનું મુખ્ય કારણ એ હતું કે તંત્ર દ્વારા પાર્ટી પ્લોટમાં વીજ જોડાણ જ મેળવવામાં આવ્યું ન હતું અને લોકાર્પણના નાટક બાદ હવે માંડ વીજ કનેક્શન મળી શક્યું છે. પરંતુ વીજળી આવ્યા પછી પણ તંત્રની કાગળ પરની લાલફીતાશાહીએ પ્રજાની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. હાલની સ્થિતિ એ છે કે આ પાર્ટી પ્લોટના ભાડા સહિતના કોઈ પણ પ્રકારના દર અને નીતિ-નિયમો હજુ સુધી નક્કી કરવામાં આવ્યા નથી. પ્લોટનું ભાડું કેટલું રાખવું, અલગ-અલગ સગવડો માટેનો ચાર્જ કેટલો લેવો, સિક્યોરિટી ડિપોઝિટ કેટલી વસૂલવી અને બુકિંગની આખી પ્રક્રિયા કઈ પદ્ધતિથી પાર પાડવી તે તમામ બાબતોની ફાઈલ અથવા દરખાસ્ત હજુ તૈયાર થઈ રહી છે. આ દરખાસ્ત સંપૂર્ણ પ્રક્રિયા પૂરી કરીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે જશે અને ત્યાંથી મંજૂર થયા બાદ જ કદાચ પાર્ટી પ્લોટનું બુકિંગ ખોલી શકાશે.

આ સમગ્ર વહીવટી પ્રક્રિયા વચ્ચે સૌથી મોટી ચિંતાજનક વાત એ છે કે આગામી ડિસેમ્બર મહિનાથી પૂરઝડપે લગ્નગાળો શરૂ થવા જઈ રહ્યો છે અને રાજકોટ મહાનગરપાલિકાના લગભગ તમામ કોમ્યુનિટી હોલનું બુકિંગ તો અગાઉથી જ ફૂલ થઈ ચૂક્યું છે. આવા સમયે જો મનપા તંત્ર દ્વારા આ નવો પાર્ટી પ્લોટ સમયસર અને વહેલી તકે ચાલુ કરવામાં નહીં આવે, તો સામાન્ય પ્રજાએ મજબૂર થઈને બેફામ ભાવ વસૂલતા ખાનગી પાર્ટી પ્લોટના શરણે જવું પડશે અને મનપાના આ કરોડોના પ્રોજેક્ટનો હેતુ જ સરશે નહીં. માત્ર કાલાવડ રોડ જ નહીં, પરંતુ વોર્ડ નં. ૨ માં એચસીજી હોસ્પિટલ રોડ પર પણ અન્ય એક પાર્ટી પ્લોટનું નિર્માણ કાર્ય સંપૂર્ણપણે પૂરું થઈ ચૂક્યું છે, છતાં તંત્ર દ્વારા તેને પણ હજુ સુધી લોકાર્પણ કે ઉપયોગ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. હવે ભાજપના સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાંથી ક્યારે જાગશે અને આ બંને તૈયાર પ્લોટના વાજબી ભાડા તથા નીતિ-નિયમો નક્કી કરીને તત્કાલ પ્રજા માટે ખુલ્લા મૂકશે કે કેમ, તે એક મોટો સવાલ છે. ખાનગી પ્લોટોની સરખામણીએ મનપાના પાર્ટી પ્લોટના ભાડા ઘણા વાજબી હશે તેવી ગરીબ અને મધ્યમ વર્ગની આશા પર તંત્રની આ ઉદાસીનતા અને ઢીલી નીતિ પાણી ફેરવી રહી છે, ત્યારે લોકાર્પણના ફોટા પડાવવાની સાથેસાથે પ્રજાની વાસ્તવિક જરૂરિયાતો પ્રત્યે પણ સત્વરે ગંભીરતા દાખવવી અનિવાર્ય બની ગઈ છે.

બીજા તબક્કામાં ૧૮-૧૯ વયના ૧,૭૮૭ નવયુવાનો મતદાર બનવા આતુર : ૨,૫૧૨ મતદાન મથકો પર દિવસભરમાં મતદારોનો ઘસારો

SIRના બીજા તબક્કામાં ૯૫૦૦થી વધુ અરજીઓ

રાજકોટ, તા. ૧૯

ભારતીય ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લાની મતદાર યાદીને સંપૂર્ણપણે ક્ષતિરહિત, પારદર્શક અને અદ્યતન બનાવવાની દિશામાં કલેક્ટર તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ સુધારણા ઝુંબેશનો બીજો તબક્કો ભારે સફળ રહ્યો છે. ગઈકાલે રવિવારે યોજાયેલી આ ઝુંબેશ દરમિયાન રાજકોટ જિલ્લાના તમામ મતદાન મથકો પર નાગરિકોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો, જેમાં ખાસ કરીને પ્રથમ વખત મતાધિકાર મેળવવા માટે યુવા વર્ગમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી હતી.

કલેક્ટર કચેરીના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ગઈકાલે સતત બીજા રવિવારે રાજકોટ શહેર અને જિલ્લા હેઠળ આવતા તમામ ૨,૫૧૨ મતદાન મથકો પર સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન તમામ બૂથ પર બૂથ લેવલ ઓફિસર્સ (ઇકય)



સંપૂર્ણ તૈયારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્થળ પર જ આવી પહોંચેલા નાગરિકો પાસેથી નવા નામ ઉમેરવા, સરનામા કે નામના સુધારા-વધારા કરવા તેમજ મૃત્યુ પામેલા કે સ્થળાંતરિત થયેલા મતદારોના નામ કમી કરવા માટેના ફોર્મ્સ સ્વીકારવાની પ્રક્રિયા પાર પાડી હતી.

દિવસભર ચાલેલી આ ઝુંબેશના અંતે કલેક્ટર તંત્ર દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર વિવિધ કેટેગરી હેઠળ કુલ ૯,૫૪૩ ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ આકર્ષણ નવયુવાનોની ભાગીદારી રહ્યું હતું. નવા મતદાર તરીકે નામ નોંધાવવા માટેના ફોર્મ નંબર ૬ હેઠળ કુલ ૪,૨૧૧ ફોર્મ ભરાઈને આવ્યા હતા. વિશેષ વાત એ છે કે આ ફોર્મ્સ પૈકી ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથ ધરાવતા ૧,૭૮૭ જેટલા નવયુવાન ભાઈ-બહેનોએ પ્રથમ વખત મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે ઉત્સાહભેર અરજી કરી હતી, જે લોકશાહીની મજબૂતી માટે ખૂબ જ સાનુકૂળ સંકેત ગણાવી શકાય.

બીજી તરફ, મતદાર યાદીમાં ક્ષતિઓ દૂર કરવા અને ચોકસાઈ લાવવા માટે ફોર્મ નંબર ૮ અંતર્ગત સૌથી વધુ ૪,૯૯૮ અરજીઓ મળી હતી. જેમાં નાગરિકોએ પોતાનું નામ, અટક, જન્મતારીખ, ફોટોગ્રાફ, સરનામું બદલવા કે અન્ય તકનીકી સુધારા-વધારા કરાવ્યા હતા. આ ઉપરાંત, અવસાન પામેલા અથવા કાયમી ધોરણે અન્ય સ્થળે કૂચ કરી ગયા હોય તેવા મતદારોના નામ યાદીમાંથી કમી કરવા માટે ફોર્મ નંબર ૭ હેઠળ કુલ ૩૩૪ વાંધા અરજીઓ તંત્રને મળી હતી.

તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મતદાર યાદી સુધારણાની આ ખાસ ઝુંબેશ હજુ પૂરી થઈ નથી. બાકી રહી ગયેલા નાગરિકો કે યુવાનોને તક આપવાના આશયથી આગામી સતત બે રવિવારે પણ જિલ્લાના તમામ ૨,૫૧૨ મતદાન મથકો પર આ ઝુંબેશ આ જ રીતે કાર્યરત રહેશે. કલેક્ટર પ્રશાસને જિલ્લાના તમામ પાત્રતા ધરાવતા નાગરિકો અને ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનોને પોતાના નજીકના બૂથ પર પહોંચી સમયસર ફોર્મ ભરી લોકશાહીના આ મહાપર્વમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

લેન્ડ ગ્રેબિંગની બેઠકમાં પાત્રીસ કેસ પર સુનાવણી

એક પણ કેસમાં FIR નહીં, ૨૮ અરજીઓ ડ્રોપ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન) કાયદા હેઠળ યોજાયેલી સમીક્ષા બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જિલ્લામાં જમીન પચાવી પાડવા સંબંધિત આવેલી ફરિયાદો અને રજૂઆતોના સંદર્ભમાં યોજાયેલી આ બેઠકમાં કુલ ૩૫ જેટલા ગંભીર અને સંવેદનશીલ કેસો હાથ પર લઈને તેમની તીવ્ર સમીક્ષા કરવામાં આવી હતી. જોકે, આ તમામ ૩૫ કેસો પૈકી એક પણ કિસ્સામાં પ્રાથમિક દ્રષ્ટિએ ગુનો બનતો હોવાનું ન જણાતાં કમિટી દ્વારા પોલીસ ફરિયાદ (ઋઈછ) કરવાનો નિર્ણય લેવાયો ન હતો, જે બાબત સમગ્ર બેઠકમાં ચર્ચાનો વિષય બની હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ સુનાવણી દરમિયાન કમિટી સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ, મહેસૂલી ચોપડે નોંધાયેલી વિગતો તેમજ અરજદારો અને સામાપક્ષે કરવામાં આવેલી રજૂઆતોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. કમિટી દ્વારા હાથ ધરાયેલી આ કાયદાકીય પ્રક્રિયાના અંતે ૩૫ પૈકીના મોટાભાગના કેસોનો આખરી નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૮ કેસો એવા હતા કે જેમાં અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલા આધાર-પુરાવા પૂરતા ન હતા અથવા તો કાયદાકીય દ્રષ્ટિએ અને લેન્ડ ગ્રેબિંગના નિયમોનુસાર દાવો યોગ્ય જણાતો ન હતો. આથી કમિટીએ આ ૨૮ અરજીઓને રદ્દ (ડ્રોપ) કરવાનો સ્પષ્ટ નિર્ણય કર્યો હતો.



બીજી તરફ, કમિટી સમક્ષ આવેલા કેસોમાંથી ૨ કેસોમાં પક્ષકારો વચ્ચે હકારાત્મક વાતાવરણમાં ચર્ચા-વિચારણા થતાં પરસ્પર સંમતિ સાધી લેવામાં આવી હતી અને મામલાનું સુખદ સમાધાન લાવવામાં સફળતા મળી હતી. આ સિવાય બાકી રહેતા ૫ કેસોમાં કેટલીક જટિલ ટેકનિકલ બાબતો, જમીનની માપણી અને વધુ ચોક્કસ તપાસની જરૂરિયાત જણાતાં, કમિટી દ્વારા તે તમામ ૫ કેસોને આગામી બેઠકની સુનાવણી માટે 'પેન્ડિંગ' રાખવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે રચાયેલી આ ઉચ્ચસ્તરીય કમિટીની બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ ઉપરાંત જિલ્લા પોલીસ વડા , રાજકોટ શહેર ડીસીપી , એસીપી, એડિશનલ કલેક્ટર સહિતના મહેસૂલી અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓની હાજરીમાં કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખીને અરજીઓનો વર્ગીકૃત ઉકેલ લાવવામાં આવ્યો હતો.

ધમધમતા તહેવારો અને દિવાળીના ઉલ્લાસ વચ્ચે રાજકોટના વેપારી આલમમાં ફફડાટ

GSTના દરોડાથી સાંગણવા ચોકમાં હાહાકાર

સર્ચ ઓપરેશન હાથ ધરાયેલ શોઝમના રેકોર્ડ જપ્ત કરતું CGST : ૭ વેપારીઓ રડારમાં, અનેક જરૂરી દસ્તાવેજોની સાથોસાથ ઇલેકટ્રોનિક ઉપકરણો કર્યા સિઝ



રાજકોટ, તા. ૧૯

ધમધમતા તહેવારો અને દિવાળીના ઉલ્લાસ વચ્ચે રાજકોટના વેપારી આલમમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. સેન્ટ્રલ જીએસટી (CGST) વિભાગની ટીમોએ શનિવારે રાજકોટના અત્યંત વ્યસ્ત અને જાણીતા સાંગણવા ચોક ખાતે આવેલી વિવિધ ઈલેક્ટ્રિક પેઢીઓ પર અચાનક સઘન દરોડા પાડીને તપાસ હાથ ધરી હતી. ગત શનિવારથી શરૂ થયેલી આ મેરેથોન તપાસ ગઈકાલ સુધી મોડે સુધી ચાલી હતી, જેના કારણે વેપારી આર્ગેનાઈઝેશનો અને બજારમાં ભારે હડકમય મચી ગયો છે. તંત્રની આ અણધારી અને શંકાસ્પદ કાર્યવાહીના વિરોધમાં રોષે ભરાયેલા વેપારીઓએ તાત્કાલિક અસરથી સ્વેચ્છાએ પોતાના ધંધા-રોજગાર સમેટી લઈને આશરે ૪૦૦ જેટલી દુકાનોના શટર ધડાધડ પાડી દીધા હતા.

બિલ વગરના વ્યવહારો અને કાચી ચિઠ્ઠીઓની બાતમી પર ત્રાટકી ટીમ

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સેન્ટ્રલ જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓને ચોક્કસ અને વિશ્વસનીય બાતમી મળી હતી કે સાંગણવા ચોક વિસ્તારમાં કાર્યરત કેટલાક મોટા ઈલેક્ટ્રિક વેપારીઓ જીએસટીના કાયદાને નેવે મૂકીને કોઈ પણ પ્રકારના પક્કા જીએસટી બિલ વગર તેમજ માત્ર 'કાચી ચિઠ્ઠીઓ' અને નોટો પર ખરીદ-વેચાણના મોટા પ્રમાણમાં વ્યવહારો કરી રહ્યા છે. આ પ્રકારની વ્યાપક કરચોરી થતી હોવાના અહેવાલોના આધારે સેન્ટ્રલ જીએસટીની ટીમોએ સર્ચ વોરંટ મેળવીને એકસાથે સાંગણવા ચોકની અનેક પેઢીઓ પર દરોડા પાડ્યા હતા.

ગઈકાલ સુધી ચાલેલી આ લાંબી તપાસ દરમિયાન વિભાગની ટીમોએ વેપારીઓની દુકાનો અને ગોડાઉનોમાંથી ઢગલાબંધ હિસાબી સાહિત્ય, ડાયરીઓ, કમ્પ્યુટર ડેટા અને ખરીદ-વેચાણના જથ્થાબંધ રેકોર્ડ્સ કબ્જે કર્યા છે. હાલ આ તમામ કબ્જે કરાયેલા દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આ વેપારીઓ દ્વારા કુલ કેટલા રૂપિયાની કરચોરી કરવામાં આવી છે તેની ચોક્કસ ગણતરી અને ઓડિટની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હોવાનું સત્તાવાર સૂત્રો જણાવી રહ્યા છે.

એક તરફ ચાલુ વર્ષે બજારમાં મંદીનો માહોલ છે અને વેપારીઓ નબળા વર્ષના કારણે આર્થિક ચિંતામાં ડૂબેલા છે, ત્યારે બરોબર દિવાળી જેવા મુખ્ય તહેવારો ટાણે જ સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા આ પ્રકારે દરોડા પાડવામાં આવતા સાંગણવા ચોકના તમામ વેપારીઓ વિફર્યા હતા. વેપારીઓનું સ્પષ્ટ માનવું છે કે તહેવારોની મોસમમાં જ્યારે ગ્રાહકો ખરીદી માટે નીકળતા હોય છે અને વેપાર કરવાનો મુખ્ય સમય હોય છે, ત્યારે જ તંત્ર દ્વારા આ પ્રકારે ધંધાને ડહોળવાના પ્રયાસો કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉથી જ વેપારી વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે કે આજથી બરાબર બે વર્ષ અગાઉ પણ દિવાળીના તહેવારો ટાણે જ સેન્ટ્રલ જીએસટી વિભાગે રાજકોટની પ્રખ્યાત સોની બજારમાં આ પ્રકારે જ દરોડા પાડ્યા હતા. ચાલુ વર્ષે પણ તહેવારોની મોસમને જ ટાર્ગેટ કરીને સાંગણવા ચોકના વેપારીઓને ઝપટે લેવામાં આવતા સમગ્ર વ્યાપારી જગતમાં તંત્રની આ શંકાસ્પદ અને ભેદભર્યા સમયની કામગીરી સામે ભારે રોષ અને ઘૂંઘવાટની લાગણી ફેલાઈ ગઈ છે.